સુવિચાર

આ જગતમાં પરોપકાર સિવાય કોઇ ધર્મ નથી અને બીજાને દુઃખ આપવા સમાન કોઇ પાપ નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રીબડામાં મોડી રાત્રીના પેટ્રોલપંપ પર ફાયરીંગ P-4

Year-16, Issue-92 ■ DATE : 24-07-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચીનની સરહદ નજીક રશિયન વિમાન ક્રેશઃ ૪૯ના મોત





### વિમાનમાં સવાર ૪૯ લોકોના મોત થયા તેમાં ૪૩ મુસાફરો અને ૬ ક્રૂ સભ્યો હતાઃ થોડા કલાકો પહેલા જ કંટ્રોલ રૂમ સાથે સંપર્ક તૂટ્યો હતો

**મુખ્ય સમાચાર, મોસ્કો**

ચીનની સરહદ નજીક એક રશિયન પેસેન્જર વિમાન ક્રેશ થયું છે. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૪૯ લોકોના મોત થયા છે. તેમાં ૪૩ મુસાફરો અને ૬ ક્રૂ સભ્યો હતા. મુસાફરોમાં ૫ બાળકો પણ હતા.

રોઇટર્સના જણાવ્યા અનુસાર, આ વિમાન રશિયાના પૂર્વીય અમુર ક્ષેત્રમાં ઉડી રહ્યું હતું. અમુરના ગવર્નર વેસિલી ઓર્લોવે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે ગુમ થયેલ વિમાન અંગારા એરલાઈન્સનું છે.

સ્થાનિક કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે વિમાન ખાબોરોવસ્ક, બ્લાગોવેશેન્સ્ક થઈને ટિંડા જઈ રહ્યું હતું. તે ચીનની સરહદ નજીક છે. ટિંડા પહોંચતા પહેલા, તે રડાર પરથી ગાયબ થઈ ગયું અને સંપર્ક તૂટી ગયો.

અમુરના ગવર્નર વેસિલી ઓર્લોવે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે ગુમ થયેલું વિમાન અંગારા એરલાઇન્સનું હતું. એમાં ૪૩ મુસ-ાફર અને ૬ ક્રૂ-સભ્યો હતા. મુસ-ાફરોમાં ૫ બાળકનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે વિમાનને શોધવા માટે તમામ જરૂરી સંસાધનો અને ટીમો તહેનાત કરવામાં આવી છે.

ઇન્ટરફેક્સના અહેવાલ મુજબ, ટિંડા એરપોર્ટ પર લેન્ડિંગ કરવાનો પ્રથમ પ્રયાસ વિમાન નિષ્ફળ ગયું. જ્યારે તેણે બીજી વખત લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે એ રડાર પરથી ગાયબ થઈ ગયું.

તાસ ન્યૂઝ એજન્સીએ એક સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે વિમાન ટિંડા એરપોર્ટથી થોડા કિલોમીટર પહેલાં નિર્ધારિત ચેકપોઇન્ટનો સંપર્ક પણ કરી શક્યું નહીં.

સોવિયેત સંઘે ૧૯૬૭માં નાના વિસ્તારોમાં ઉડવા માટે -૨૪ વિમાન બનાવ્યું હતું. તે સમયે તેમાં ૩૨ સીટો હતી, જે ૪૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ૪૦૦ કિલોમીટર સુધી ઉડતું હતું.

આ ઉપરાંત, તે ૪ ટન વજન (પેલોડ) વહન કરી શકતું હતું. તેને ફક્ત ૧૨૦૦ મીટર લાંબા અને પાકા ન હોય તેવા રનવે પરથી ઉડવા માટે પણ સક્ષમ બનાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, જો વિમાનનું એક એન્જિન નિષ્ફળ જાય તો પણ તે ઉડાન ભરી શકે છે.

એપ્રિલ ૧૯૬૨માં તેનું પરીક્ષણ સફળ રહ્યું, ત્યારબાદ આ વિમાને ઓક્ટોબર ૧૯૬૨થી મુસાફરોને લઈ જવાનું શરૂ કર્યું. કુલ ૧૩૬૭ -૨૪ વિમાનો બનાવવામાં આવ્યા.

સોવિયેત સંઘમાં આ વિમાનનું ઉત્પાદન ૧૯૭૯ સુધી ચાલુ રહ્યું, પરંતુ આ પછી પણ આ વિમાનો સેવામાં રહ્યા. આજે પણ કેટલીક જગ્યાએ -૨૪નો ઉપયોગ થઈ રહ્યો છે.

નોંધનીય છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અમુર ક્ષેત્રમાં પણ એક અકસ્માત થયો હતો. ત્યાર બાદ ૩ લોકોને લઈ જતું રોબિન્સન ૬૬ હેલિકોપ્ટર ઉડાન દરમિયાન ગુમ થઈ ગયું હતું. આ હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

ઇમર્જન્સી સિગ્નલ મળ્યાના એક દિવસ પછી રિકોનિસન્સ ટીમોને સવારે ઝોલોટોયા ગોરા નજીક એ મળ્યું હતું. આમાં પાઇલટ સહિત ત્રણેય લોકોનાં મોત થયાં હતાં.

# રૂ.૩ હજાર કરોડથી વધારાના લોન કૌભાંડમાં અનિલ અંબાણીની ૫૦ કંપનીઓ પર દરોડા



**મુખ્ય સમાચાર, મુંબઇ**

રૂા.૩ હજાર કરોડથી વધુના લોક ફ્રોડ કેસમાં આજે એન્ફોર્સમેન્ટ વિભાગે અંબાણી પરિવારના ઉદ્યોગપતિ અનિલ અંબાણી સાથે જોડાયેલા ૫૦ સ્થળો પર દરોડા શરુ કર્યા છે અને આગામી સમયમાં અનિલ અંબાણી ઉપરાંત અન્ય સામે પણ આકરી કાર્યવાહીની તૈયારી છે.

હજુ બે દિવસ પહેલા જ દેશની ટોચની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ રિલાયન્સ કોમ્યુનીકેશન કે જે એક સમયે અનિલ અંબાણીના નેતૃત્વની ટેલીકોમ કંપની હતી તેના ધિરાણને ફ્રોડ જાહેર કર્યુ છે અને તે સંબંધી સીબીઆઈ કાર્યવાહીની પણ તૈયારી છે તે સમયે ઈડીની કાર્યવાહી નેશનલ હાઉસીંગ બેંક ઉપરાંત સીકયુરીટી એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી), બેંક ઓફ બરોડા અને સીબીઆઈ દ્વારા જે બે એફઆઈઆર તથા અનેક નાણાકીય સંસ્થાઓ દ્વારા જે માહિતી આપવામાં આવી હતી.

તે મુદે આ દરોડાનો દૌર શરુ કરાયો છે અને તેમાં મનીલોન્ડ્રીંગ અંગેની તપાસ થઈ રહી છે. ઈડીની તપાસમાં જણાવાયું છે કે બેંકો શેરહોલ્ડરો તથા અન્ય રોકાણકારો, જાહેર સંસ્થાઓના નાણાં મુદે છેતરપીંડી કરીને તે અન્યત્ર ઉપયોગમાં લઈ લેવાયા હતા અને મોટાપાયે નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હતી જેમાં અનિલ અંબાણી અને તેની સાથે જોડાયેલી ૫૦ કંપનીઓ ઉપરાંત ૨૫ વ્યક્તિઓને આવરી લેતી આ દરોડાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

જેમાં યસ બેંકના પુર્વ પ્રમોટર સહિત બેંક અધિકારીઓને મોટી રકમની લાંચ આપવા મુદે પણ તપાસ થઈ રહી છે. ૨૦૧૭થી ૨૦૧૯ વચ્ચે રિલાયન્સની અંબાણી ગ્રુપની કંપનીઓને રૂા.૩૦૦૦ કરોડની જે લોન આપવામાં આવી હતી તે સંદર્ભમાં આ તપાસ ચાલુ છે. જેમાં યસ બેંકના પ્રમોટર સાથે પણ સાંઠગાંઠ કરવામાં આવી હતી.

ઈડીની તપાસમાં અનેક પ્રકારની ગેરરીતિ બહાર આવી છે. જેમાં અનેક લોનમાં ઉભી કરાયેલી કંપનીઓ બોગસ હોવાનું પણ માનવામાં આવે છે. જેમાં તમામમાં ચોકકસ લોકો ડિરેકટર હોવાનું બહાર આવ્યું છે. આ ધિરાણ મંજુર કરવામાં પણ બેંક દ્વારા મોટા પાયે દસ્તાવેજો વગેરેમાં પુરતી ચકાસણી કરવામાં આવી ન હતી.

જેમાં નેશનલ ફાઈનાન્સીયલ રિપોર્ટીંગ ઓથોરિટીને પણ સાંકળવામાં આવી છે. રિલાયન્સ હોમ ફાયનાન્સ લી. જે ગ્રુપ કંપની છે તેની આસપાસ આ તપાસ ચાલુ છે. જેને ૨૦૧૭-૧૮માં રૂા.૩૭૪૨ કરોડનું ધિરાણ અપાયું હતું અને એક જ વર્ષમાં તે ધિરાણ વધારીને રૂા.૮૬૭૦ કરોડ થઈ ગયું હતું.

# લંડનમાં વડાપ્રધાન મોદીનું અદકેરૂ સ્વાગત

**મુખ્ય સમાચાર, લંડન**

વડાપ્રધાન મોદી હાલમાં વિદેશ પ્રવાસે છે. તેઓ બે દિવસના પ્રવાસે લંડન પહોંચ્યા. લંડનની ધરતી પર પગ મુકતા જ પીએમ મોદીનું ભારતીય સમુદાય દ્વારા જોરદાર રેડકાર્પેટ સ્વાગત કરવામાં આવ્યું. એરપોર્ટથી માંડીને કાર્યક્રમ સ્થળ સુધી ભારતીય સંસ્કૃતિની ઝલક જોવા મળી. આસામનું બિહુ નૃત્ય, પરંપરાગત ઢોલ અને મોદી-મોદી'ના નારાઓથી શહેર ગુંજી ઉઠયું. લોકો હાથમાં ત્રિરંગો લઈને કાર્યક્રમ સ્થળ સુધી પહોંચ્યા અને ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું. ભારતીય સમુદાયના લોકોમાં એક અલગ જ ઉત્સાહ જોવા મળ્યો. કેટલાક પીએમ મોદીને મળવા માટે ઉત્સુક હતા, જયારે ઘણા લોકો આશા રાખી રહયા છે કે પીએમ મોદીની આ મુલાકાત ભારત અને બ્રિટન વચ્ચેના વેપાર અને સાંસ્કૃતિ સંબંધોને વધુ મજબુત બનાવશે.



ભારત-બ્રિટન મુક્ત વેપાર કરાર એટલે કે મુક્ત વેપાર કરારને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવશે. આ વેપાર કરારને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. હવે બ્રિટનમાં ફક્ત પીએમ મોદીના હસ્તાક્ષર બાકી છે. પીએમ મોદી ૨૩ થી ૨૪ જુલાઈ સુધી યુકે એટલે કે યુનાઈટેડ કિંગડમના પ્રવાસે રહેશે. આ પછી, તેઓ ૨૫ થી ૨૬ જુલાઈ સુધી માલદીવની રાજ્ય મુલાકાતે રહેશે. પ્રધાનમંત્રી મોદી તેમના બ્રિટિશ સમકક્ષ કીર સ્ટારમર સાથે વેપાર, સંરક્ષણ, આબોહવા, નવીનતાઓ અને શિક્ષણ જેવા વિષયો પર વિગતવાર ચર્ચા કરશે. આ દરમિયાન, તેઓ રાજા ચાર્લ્સ ત્રીજાને પણ મળશે.

પીએમ મોદીની બ્રિટન મુલાકાત અંગે, લંડનમાં રહેતા ડાયસ્પોરાના સભ્ય ગાયત્રી લોખંડેએ કહ્યું કે અમને પ્રધાનમંત્રીને મળીને ખૂબ આનંદ થયો છે. હું તેમને અગાઉ ઓડિશામાં પ્રવાસી ભારતીય કાર્યક્રમમાં મળી હતી. આ મારી બીજી વાર છે. તેણીએ કહ્યું કે હું ભારતને જાણો ક્વિઝ' ની વિજેતા છું. અમે પીએમ બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર સાથે જે વેપાર કરાર કરશે તેની રાહ જોઈ રહ્યા છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુકે મુલાકાત દરમિયાન ભાર-તીય સંસ્કળતિની ઝલક પણ જોવા મળશે. લંડનમાં એક ડાન્સ ગ્રુપ આસામનો પરંપરાગત બિહુ નળત્ય રજૂ કરશે, જે પીએમ મોદીના સ્વાગતનો એક ભાગ હશે. આ પ્રદર્શનને લઈને કલાકારોમાં ઘણો ઉત્સાહ અને ગર્વ છે. આ ડાન્સ ગ્રુપની સભ્ય મધુસ્મિતા બોરગોહેને કહ્યું કે હું આસામથી છું અને છેલ્લા ૧૨ વર્ષથી યુકેમાં રહું છું. આજે મને પીએમ મોદીને સામેથી જોવાની તક મળી રહી છે, હું આનાથી વધુ ખુશી વ્યક્ત કરી શકતો નથી. આજે અમે બિહુ નૃત્ય રજૂ કરીશું

# ગુજરાતમાં બેફામ વીજચોરીઃ બે વર્ષમાં રૂ. ૧૦૨૯ કરોડની ચોરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં વીજચોરીનું દૂષણ હજુ પણ યથાવત્? છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા વીજચોરી અટકાવવા માટે સઘન પ્રયાસો થઈ રહ્યા છે, જેના પરિણામો ચોંકાવનારા છે. રાજ્યમાં વીજચોરી કરતા ગ્રાહકો સામે કાર્યવાહી કરવા માટે GUVNLના ૧૬ પોલીસ સ્ટેશનો કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં આ પોલીસ સ્ટેશનોમાં ૧,૦૨૯ કરોડની વીજચોરીના કેસ નોંધાયા છે, જે એક રેકોર્ડબ્રેક આંકડો છે.

વડોદરાથી મળતી માહિતી મુજબ, વીજ ચોરી કરતા શખસો સામે ના ૧૬ પોલીસ સ્ટેશનોમાં ઇન્ડિયન ઇલેક્ટ્રીસિટી એક્ટ, ૨૦૦૩ હેઠળ ગુના દાખલ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ દંડ અને ત્રણ વર્ષ સુધીની જેલની જોગવાઈ હોવા છતાં, લોકોમાં તેનો ભય જોવા મળતો નથી. છેલ્લા બે વર્ષમાં (૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫) ની ચાર પેટા કંપનીઓ DGVCL, MGVCL, UGVCL અને PGVCL દ્વારા કુલ ૩૮.૫૯ લાખ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા. તેમાંથી ૨.૮૨ લાખ ગ્રાહકો વીજચોરી કરતા પકડાયા હતા. આ ગ્રાહકોને દંડ સાથે વીજ ચોરીની રકમ ભરવા જણાવવામાં આવ્યું હતું, પરંતુ તેમાંથી ૧.૫૨ લાખ ગ્રાહકોએ રૂ. ૧,૦૨૯ કરોડની રકમ ન ભરતા તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



આ આંકડાઓ દર્શાવે છે કે વીજચોરીના સૌથી વધુ બનાવો PGVCL (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) વિસ્તારમાં નોંધાયા છે, જેમાં સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં PGVCL માં ૮૨,૧૨૬ વીજચોરીના કિસ્સાઓ પકડાયા હતા, જ્યારે ૨૦૨૪-૨૫માં આ આંકડો ૬૩,૧૯૮ હતો. બે વર્ષમાં PGVCL વિસ્તારમાં કુલ ૫૪,૯૦૦થી વધુ ગુના દાખલ થયા છે, જે અન્ય તમામ કંપનીઓ કરતા ઘણા વધારે છે.

વીજચોરી કરતા ગ્રાહકો એટલા બેફામ બન્યા છે કે તેઓ વીજ ચેકિંગ માટે આવતી ટીમો પર હુમલો કરતા પણ ખચકાતા નથી. છેલ્લા બે વર્ષમાં આવા ૬૧ બનાવો બન્યા છે, જેમાં વીજ કર્મચારીઓ અને પોલીસ કાફલા પર પથ્થરમારો અને હુમલા કરવામાં આવ્યા હતા. આ બનાવોમાં પણ સૌથી વધુ બનાવો PGVCLના વિસ્તારમાં બન્યા છે, જે દર્શાવે છે કે આ પ્રદેશમાં વીજચોરીનું દૂષણ કેટલું ગંભીર છે અને ત્યાં વીજ કંપની માટે કામ કરવું કેટલું જોખમી છે.

આ આંકડાઓ વીજચોરીના ગંભીર પડકારને ઉજાગર કરે છે અને દર્શાવે છે કે કડક કાયદાઓ હોવા છતાં, આ દૂષણ સંપૂર્ણપણે નાબૂદ થયું નથી. GUVNL અને પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી આ પડકાર સામેની લડાઈનો એક ભાગ છે.

# મુંબઇ ટ્રેન બ્લાસ્ટના આરોપીને મુકત કરવાના ચુકાદા પર સુપ્રીમનો સ્ટે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મુંબઈમાં ૧૧ જુલાઈ ૨૦૦૬ના થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટમાં તમામ ૧૨ આરોપીઓને પુરાવાના અભાવે મુક્ત કરવાના મુંબઈ હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમકોર્ટે સ્ટે આપી દીધો છે અને હવે તે મુદે મહારાષ્ટ્ર સરકારને નોટીસ પાઠવી છે.

બે દિવસ પહેલા જ મુંબઈ હાઈકોર્ટે ૧૮૯ લોકોના ભોગ લેનાર આ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટમાં ફરિયાદ પક્ષ આરોપ સાબીત કરવામાં નિષ્ફળ ગયો છે તેવું જણાવીને તમામ ૧૨ આરોપીઓને તાત્કાલીક જેલમુક્ત કરવા આદેશ આપ્યો હતો જેની સામે મહારાષ્ટ્ર સરકારે સુપ્રીમ-માં અરજી કરી હતી અને મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને પડકાર્યો હતો.

આજે સુપ્રીમકોર્ટે કામકાજના પ્રારંભે જ હાઈકોર્ટના આદેશ સામે સ્ટે આપી દીધો છે અને એ પણ સ્પષ્ટ કર્યુ છે કે હાઈકોર્ટના ચુકાદાને પગલે જે આરોપીઓને જેલમુક્ત કરાયા છે. તેઓને ફરી જેલમાં આવવાનું રહેશે નહી પરંતુ આખરી સજાનો નિર્ણય સુપ્રીમકોર્ટના ચુકાદા પર આધારિત રહેશે. જો કે સુપ્રીમકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યુ કે હાઈકોર્ટનો આ ચુકાદો અન્ય ચુકાદા માટે પણ કોઈ કારણ બનશે નહી. મુંબઈ હાઈકોર્ટે આપેલા ચુકાદા સામે જબરો વિરોધ થયો હતો અને મહારાષ્ટ્ર સરકારે તાત્કાલીક સુપ્રીમમાં અરજી કરી હતી.



# હવે આવકવેરા વિભાગ ડેટા અને આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરીને અત્યંત સરળતાથી ટેકસ ચોરી પકડી પાડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં અંદાજે ૬૫ વર્ષ બાદ આવકવેરાના નવા કાનૂનના અમલની તૈયારી છે અને હાલ સંસદ સમક્ષ તે મંજૂરી માટે મુકવામાં આવ્યો છે. આઈટી એકટ ૧૯૬૧નું સ્થાન હવે આઈટી એકટ ૨૦૨૫ લઈ લેશે અને તે દેશના બદલાતા જતા આર્થિક અને નાણાકીય વ્યવહારોનું પ્રતિબિંબ પણ પાડશે સૌથી મહત્વનું એ છે કે ભારત એ વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટી અર્થતંત્ર બન્યું છે.

ત્યારે દેશમાં પ્રમાણીક કરદાતાઓને સરળતાથી આવકવેરા સબંધી કામકાજમાં સુવિધા રહે અને કરચોરો માટે મુશ્કેલી ઉભી થાય તે નવા આવકવેરા કાનૂનમાં જોવામાં આવ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસના ચેરમેન રવિ અગ્રવાલે એક મુલાકાતમાં જણાવ્યું કે આવકવેરા વિભાગ પાસે ૬.૫ અબજથી વધુ ડીજીટલ વ્યવહારોની માહિતી છે.

એટલુ જ નહીં વિદેશોથી પણ જાણકારી મળી રહી છે અને તેથી કરચોરી કરનારા માટે સૌથી મુશ્કેલ સમય આવ્યો છે. આવકવેરા વિભાગ ડેટા અને આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરીને અત્યંત સરળતાથી ટેકસ ચોરી પકડી પડશે. તેમણે ડીજીટલ રેકોર્ડ અંગે ટેકસ અધિકારીઓની કામગીરી અંગે અત્યંત સ્પષ્ટ શબ્દમાં કહ્યું કે આ અધિકાર ફકત સર્ચ અને જપ્તી પૂરતા જ મર્યાદીત રાખવામાં આવ્યા છે અને તે પણ એ સમયે કરાશે કે જયારે કરદાતા તે માહિતી આપવાનો ઈન્કાર કરશે. આવકવેરા વિભાગ કોઈ કરદાતાની જાસૂસી કરવા કે તેની વ્યકિતગત માહિતીમાં રસ ધરાવતો નથી તેમણે એ પણ કહ્યું કે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો નવો તબકકા ઝડપી હશે અને તેનાથી આવકવેરા વિભાગને રીપોર્ટીંગ અને ડેટા પણ ઝડપથી મળશે.

તેમણે કહ્યું કે, આવકવેરા વિભાગ કરદાતાને ખુદને તેની નાણાકીય લેવડ દેવડની માહિતી આપે છે જેથી લોકો ટેકસ ભરવામાં વધુને વધુ આગળ આવી રહ્યા છે અને ૧.૧૦ કરોડ અપડેટેડ રીટર્ન ફાઈલ થયા છે અને રૂા.૧૧ હજાર કરોડથી વધુનો ટેકસ મળ્યો છે.

તેમણે કહ્યું કે, હાલમાં જ આ અંગે અભિયાન ચલાવાયુ તેના કારણે રૂા.૯૬૩ કરોડના જે ટેકસ કપાસના દાવા કરવામાં આવ્યા હતા તે પરત ખેંચાયા હતા અને ૧ એપ્રીલ ૨૦૨૩થી ૧૮ જુન ૨૦૨૫ સુધીમાં રૂા.૪૦૯.૫૦ કરોડનો વધારાનો ટેકસ જમા થયો છે અને નવેમ્બર ૨૦૨૪થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ૩૦૧૬૧ કરદાતાઓએ રૂા.૨૯૨૦૮ કરોડની તેની વિદેશી સંપતિ અને રૂા.૧૦૮૯ કરોડની વિદેશી આવક પણ જાહેર કરી છે.

# તમામ પડતર મુદ્દાઓનો ઉકેલ લાવવા અમો તૈયારઃ શાહબાઝ શરીફ

### ભારત સામે પાક.પીએમ ઘુંટણીયે

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે અમારો દેશ તમામ પડતર મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે ભારત સાથે ગંભીર અને અર્થપૂર્ણ વાતચીત કરવા માટે તૈયાર છે. શાહબાઝ શરીફે બ્રિટિશ હાઈ કમિશનર જેન મેરિયટ સાથેની મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી, જેમણે ઈસ્લામાબાદમાં વડાપ્રધાનના નિવાસસ્થાને મુલાકાત કરી હતી.

આ માહિતી એક સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો તેમજ દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયામાં પ્રાદેશિક પરિસ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.



નિવેદન અનુસાર, પાકિસ્તાની પીએમએ પાકિસ્તાન-ભારતના ઘર્ષણદરમિયાન તણાવ ઘટાડવામાં બ્રિટનની ભૂમિકાની પ્રશંસા કરી અને કહ્યું કે પાકિસ્તાન તમામ પડતર મુદ્દાઓ પર ભારત સાથે ગંભીર અને અર્થપૂર્ણ વાટાઘાટો માટે તૈયાર છે.

ભારતે પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેમાં પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

આ હુમલાઓથી ચાર દિવસ સુધી ભારે અથડામણ થઈ હતી, જે ૧૦ મેના રોજ સૈન્ય કાર્યવાહી બંધ કરવાના પરસ્પર કરાર સાથે સમાપ્ત થઈ હતી. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે ફક્ત પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને પરત કરવા અને આતંકવાદના મુદ્દા પર જ પાકિસ્તાન સાથે વાત કરશે.

# સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની અધ્યક્ષતામાં તાલીમ યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, તાલુકા પંચાયત કચેરી જામનગર ખાતે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનામાં કાર્યરત બ્લોક અને ક્લસ્ટર કો-ઓર્ડિનેટરઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડના અધ્યક્ષ સ્થાને તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિશ્નર, ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર, રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા (SIRD) ગુજરાત, અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA), જામનગરના સંયુક્ત ઉપક્રમે આ તાલીમનું આયોજન થયું હતું. આ તાલીમમાં જામનગર, પોરબંદર, અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કો-ઓર્ડિનેટરઓએ ભાગ લીધો હતો. SIRDના વિશેષ નિયામક બી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલીમાર્થીઓને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ ના વિવિધ ઘટકો અંગે માહિતગાર કરવામાં આવ્યા.આ પ્રસંગે રાજ્ય કક્ષાએથી SIRDના કોર ફેકલ્ટી નીલાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડી.આર.ડી.એ નિયામક શારદા કાથડે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં સામાજિક પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને ટીમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નીલાબેન પટેલ દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તાલીમના ઉદ્દેશો અને પરિણામલક્ષી અસરકારક કામગીરી વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. SIRDના માસ્ટર ટ્રેનર્સે તમામ તાલીમાર્થીઓને ફેઝ-૨ ના વિવિધ ઘટકો અંગે પ્રેઝન્ટેશન, શોર્ટ વિડીયો ક્લિપ, ગ્રુપ ડિસ્કશન, અન્ય પ્રવૃત્તિઓ, અને સંવાદ જેવા માધ્યમો દ્વારા પ્રશિક્ષણ પૂરું પાડ્યું હતું.સ્વચ્છ ભારત મિશનના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર વિજયભાઈ ગોસ્વામી અને તેમની ટીમ દ્વારા તાલીમનું સફળ આયોજન કરાયું હતું.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે જાયવા ગ્રામ પંચાયતની મુલાકાત લઇ રેકર્ડ ચકાસણી કરી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે ધ્રોલ તાલુકાના જાયવા ગામે ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. તેઓએ રેકર્ડ ચકાસણી કરી લગત અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ વેરા વસુલાત, ડીજીટલ ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરવા, દબાણો દુર કરવા તથા ગ્રામજનોને સરકારી યોજનાઓનો લાભ મળે તે પ્રકારે કામગીરી કરવા સરપંચ તથા અધિકારીઓને જણાવ્યું હતું.

કલેકટરએ જાયવા પ્રાથમિક શાળાની મુલાકાત લઇ શાળામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ક્લાસરૂમની સંખ્યા તેમજ ફાયર સેફટી અંગે માહિતી મેળવી હતી. તેઓએ શાળાના સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. બાદમાં મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લઇ બાળકોને આપવામાં આવતા ભોજનની જાતે ચકાસણી કરી હતી. તથા શિક્ષકોને શાળાના પટ્ટાંગણમાં વૃક્ષોનું વાવેતર કરવા તથા વિદ્યાર્થીઓને કિચન ગાર્ડનીંગ શીખવાડવા જણાવ્યું હતું. જાયવા પ્રાથમિક શાળામાં જરૂરિયાતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોવા અંગે તથા સારી રીતે શાળાનું સંચાલન થઇ રહ્યું હોવાથી કલેકટરએ આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા તથા શિક્ષકોની અને અગ્રણીઓની કામગીરીને બિરદાવી હતી. કલેકટરએ બાદમાં સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્કની મુલાકાત લઇ બેંકની કામગીરી વિષે માહિતી મેળવી ત્યાં ઉપસ્થિત ગ્રાહકો સાથે વાતચીત કરી હતી.તેઓની આ મુલાકાત દરમિયાન ધ્રોલ પ્રાંત અધિકારી સ્વપિનલ સિસલે, ધ્રોલ મામલતદાર વી.એન.પરમાર, અધિકારીઓ, સરપંચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જળ સપાટીની નીચે રહેલ પુલના ભાગોની મજબૂતાઈ અને સ્થિતિ જાણવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ

## જામનગર જિલ્લામાં પુલોની ગુણવત્તા તપાસવા મોબાઈલ બ્રિજ ઈન્વેસ્ટિગેશન યુનિટ સક્રિય



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લામાં આવેલા વિવિધ પુલોની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ કામગીરી માટે મોબાઈલ બ્રિજ ઈન્વેસ્ટિગેશન યુનિટને કામે લગાડવામાં આવ્યું છે, જે પુલોની મજબૂતાઈ અને સ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યું છે.આ અંગે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી વિજય ગૌસ્વામીએ જણાવ્યું કે ચોમાસાની સંભવિત પરિસ્થિતિ અને સતત વધતા જતા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને પુલોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અનિવાર્ય બની છે. આથી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા પુલોના બાંધકામની ગુણવત્તા, ખાસ કરીને જળ સપાટીની નીચેના ભાગોની મજબૂતાઈ અને સ્થિતિ જાણવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.આ તપાસ અભિયાનમાં આધુનિક ઉપકરણો અને મશીનરીનો ઉપયોગ થઈ રહ્યો છે. પાણીની અંદર પુલના પાયા, સ્તંભો અને અન્ય માળખાકીય તત્વોમાં કોઈ ક્ષતિ કે નબળાઈ છે કે કેમ, તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ માટે વિવિધ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે, જેમાં નિષ્ણાત ઈજનેરો અને ટેકનિશિયનોનો સમાવેશ થાય છે. અને આ ટીમો ઝડપભેર આ કામગીરી પૂર્ણ કરવા માટે કાર્યરત છે.

# જામનગર નવાગામ ઘેડ વિસ્તારમાંથી ઘરમાં ચાલતી દારૂની ભઠ્ઠી ઝડપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સીટી ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન હેઠળ આવતા શહેરના નવાગામ ઘેડ, હનુમાન ચોકમા અલગ અલગ ત્રણ મકાનમા ધમધમતી ૩ દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ છે. જામનગર સીટી બી ડીવીઝન પોલીસની સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડે દરોડો પાડી કાર્યવાહી કરી હતી. પોલીસ પેટ્રોલિંગમા હતી આ દરમિયાન જામનગર નવાગામ ઘેડ હનુમાન ચોકમા રહેતા આરોપી અશોકભાઈ શરદભાઈ શીંગાળા (ઉ.વ ૫૧ ધંધો મજુરી રહે નવાગામપેડ હનુમાન ચોક જામનગર) ના ઘરેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો તથા દેશી દારૂ, કાચો આથો, કી.રૂ. ૨૨,૯૨૦નો મુદ્દામાલ ઝડપાયો હતો.વધુમાં આરોપી અશોકભાઈ શીંગાળાના મકાનની બાજુમાં તેના ભાઈ આરોપી દીનેશભાઈ શરદભાઈ શીંગાળા ના ઘરે પોલીસ ત્રાટકી હતી.

આ દરમિયાન. દારૂ બનાવવાના સાધનો, દારૂ, કાચો આથો સહિતના રૂપિયા ૧૩૧૨૦નો મુદ્દામાલ ઝડપાયો હતો . આ દરમિયાન આરોપી શરદ શીંગાળા ફરાર થઈ ગયો હતો. વધુમાં આરોપી રોહીત વિશાલભાઈ શીંગાળાના ઘરેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો ૨૦૨૦ તથા દેશી દારૂ, આથો સહિતનો મુદ્દામાલ ઝડપાયો હતો. આરોપી રોહીત શીંગાળા ફરાર થઈ ગયો હતો.

# સરધારની સરકારી જમીનમાં ગેરકાયદે આખુ કોમ્પ્લેક્સ ઉભુ થઈ ગયાની રાવ

### તાલુકા મામલતદારના સ્વાગત નિવારણ કાર્યક્રમમાં ફરિયાદઃ વીજ કનેકશન પણ આપી દેવાયા ડિમોલીશન કરવા આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના સરધાર ગામની સરકારી ખરાબાની કિમતી જમીનમાં ગ્રામ પંચાયતની મીલી ભગતથી ગેરકાયદે આખુ કોમ્પ્લેક્સ ઉભુ થઈ ગયું હોવાની ફરિયાદ તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કરવામાં આવતા ઉચ્ચ અધિકારીઓ ચોંકી ગયા હતા અને તાબડતોબ વીજ કનેકશન કાપી બિલ્ડીંગને તોડી પાડવાનો આદેશ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરે રાજકોટ જિલ્લામાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરવામાં આવ્યા પછી પ્રશ્નનો નિકાલ કરાયા બાદ પણ

સરકારી ચોપડે આવા કેસ નિકાલ પેન્ડીંગ હોય તેવા કેસ માટે હવેથી ફરજિયાત ઉચ્ચ અધિકારીઓને તાલુકા સ્વાગતમાં જવા આદેશ કર્યો હતો. તેના ભાગરૂપે આજે કલેક્ટર, અધિક કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લઈ પ્રશ્નનો નિકાલ કર્યો હતો.

દરમિયાન રાજકોટ તાલુકા મામલતદાર કચેરીમાં આજે યોજાયેલા સ્વાગત નિવારણ કાર્યક્રમમાં એક અરજદાર દ્વારા સરધારમાં વીજ કનેકશન કાપવાનો પ્રશ્ન રજૂ કરાયો હતો તેમાં હક્કિત કંઈક જૂદી જ નિકળી હતી. સરધાર ગામમાં આવેલી સરકારી

ખરાબાની જમીનમાં ગામના કેટલાક લોકોએ પેશકદમી કરી ગેરકાયદેસર આખુ કોમ્પ્લેક્સ બનાવી નાખ્યું છે તેમજ કોમ્પ્લેક્સમાં વીજ કનેકશન પણ આપી દેવામાં આવ્યા છે. આથી ડે. કલેક્ટરે સ્થળ ઉપર પ્રશ્નનો નિકાલ કરતા આદેશ કર્યો હતો કે, સૌ પ્રથમ વીજ કનેકશન કાપી બિલ્ડીગનું ડિમોલીશન કરી નાંખવું.અચરજની બાબત તો એ છે કે, સરધારમાં કરોડો રૂપિયાની કિંમતી જમીનમાં આખુ બિલ્ડીંગ ગેરકાયદે બની ગયા છતાં તાલુકા મામલતદારની કચેરી અજાણ હોવાથી સરકારી કર્મચારીઓની કામગીરી ઉપર શંકા ઉદ્ભવી છે.

# ઉનાના નગીનાના ઢોરા પાસે સગીરવયના વાહન ચાલકના વાલી ઉપર કાયદેસરની કાર્યવાહી કરતી નવાબંદર મરીન પોલીસ

### નાની વયના બાળકોને વાહન ચલાવવા આપતા બાળકોના વાલીઓ જાગે નહીતર કાયદેસરથી કાર્યવાહી કરશે

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરીએ ગુન્હાહિત પ્રવૃતિઓને અંકુશમા લેવા માટે કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય



જે અન્વયે ગઇ તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ નવાબંદર મરીન પો.સ્ટે.ના ઇ/ચા પી.આઇ વી.કે.ઝાલા . તથા એ.એસ.આઇ. અશ્વિનભાઇ નોંધણભાઇ, તથા પો.કોન્સ હરિભાઇ ડાયાભાઇ તથા કિરણભાઇ નાનજીભાઇ વિગેરે સ્ટાફના માણસો નગીનાના ઢોરો, નલીયા માંડવી રોડ પાસે વાહન ચેકીંગની કામગીરીમાં હતા તે દમ્યાન મોટર સાયકલ રજી નં.GJ-11-AL-8125 ત્રણ સવારીમાં, હેલ્મેટ વગર આવતા વાહન ચાલકની પુછ પરછ કરતા તે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર હોય તેની પાસે વાહન ચલાવવા બાબતેનુ કોઇ પણ પ્રકારનું લાયસન્સ કે આર.ટી.ઓ.ને લગત કાગળો ન હોય વાહન ડીટેઇન કરવામાં આવેલ. બાદમાં સગીરના વાલી ભીમાભાઇ કિશનભાઇ પામક ને આજ રોજ સગીર સાથે પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પુછ્પરછ કરી મોટર વ્હીકલ એકટ - ૧૯૮૮ ની કલમ - ૧૯૯(એ) મુજબ સગીરના વાલી ઉપર નવાબંદર મરીન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૩૨૫૦૭૦૪/૨૦૨૫ મુજબનો ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આરોપી- ભીમાભાઇ કિશનભાઇ પામક રહે. કોબ તા.ઉના. મુદામાલ - મોટર સાયકલ રજી નં.GJ-11-AL-8125. જાહેર જનતા જોગ સંદેશઃ- મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ - ૧૯૯(એ) હેઠળ સગીના વાલી અથવા મોટર વાહનના માલીકને આ કલમ હેઠળ ત્રણ વર્ષ સુધીની કેદ અને રૂપિયા - ૨૫૦૦૦/- સુધીના દંડની જોગવાઇ છે. તેમજ વાહનનું રજીસ્ટ્રેશન ૧૨ માસ માટે રદ અને વાહન ચલાવનાર સગીરની ઉંમર ૨૫ વર્ષની થાય ત્યા સુધી લાયસન્સ આપી શકાશે નહી તેવી જોગવાઇ હોય તેમજ સગીર વયના બાળકો દ્વારા વાહન ચલાવવાથી તેમના પોતાના તથા અન્ય જાહેર જનતાના જીવને પણ જોખમ હોય આ પ્રકારની છુટછાટ વાલીઓ/વાહન માલીક દ્વારા ન આપવામાં આવે તેવી અપીલ છે.

# ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજીમાં ઘરફોડ ચોરીને અંજામ આપતી ચીકલીગર ગેંગના ત્રણ શખ્સો ઝડપાયા

### ગ્રામ્ય એલસીબીની ટીમે કાર સહિત રૂ.૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજી સહિતના વિસ્તારોમાં ઘરફોડ ચોરી કરતી ચીકલીગર ગેંગના ત્રણ સાગરીતોને ઝડપી લેવામાં ગ્રામ્ય એલસીબીની ટીમને સફળતા મળી છે. પોલીસે કાર સહિત રૂ.૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, હેડ કોન્સ. નીલેશભાઇ, રાજુભાઇ, દિવ્યેશભાઇ, હરેશભાઇ સહિતનો સ્ટાફ જેતપુર પાસે આવેલા ખીરસરા રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક સ્વીફ કારમાં ત્રણ શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા ભારતસિંગ ઉર્ફે ગડુ જીતસિંગ ટાંક, તુફાનસિંગ ઉર્ફે દિપ્કીસિંગ જુની, સતપાલસિંગ ક્રિપાલસિંગ જુની હોવાનું અને પોલીસે આ ઝડપાયેલા ત્રણેય શખ્સોની આકરી પુછપરછ કરતા પોતે ચીકલીગર ગેંગના સાગરીતો હોવાનું અને ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજી સહિતના અનેક વિસ્તારોમાં ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હોવાની કબુલાત આપતા પોલીસે રોકડા રૂ.૧.૮૦ લાખ, સોનાના દાગીના ૯૦ હજાર, એક સ્વીફ કાર સહિત કુલ રૂ.૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગ્રામ્ય વિસ્તારમાં થયેલી અનેક ઘરફોડ ચોરીના ભેદ ઉકેલી નાખ્યા છે.

# ધારાસભ્યના પુત્ર અને ભાજપ અગ્રણી સામે મહિલા પર દુષ્કર્મ કર્યાનો આક્ષેપ

### પીડિતાના પતિનો વીડિયો પણ વાયરલ પૈસા પડાવવા કારસો રચ્યો હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, બગસરા**

અમરેલી જિલ્લાના ધારાસભ્યના પુત્ર તથા ભાજપના આગેવાન પર મહિલા દ્વારા દુષ્કર્મ, સ્મગલિંગ, તેમજ ધાક ધમકીના આક્ષેપોને કારણે બુધવારે આખો દિવસ સમગ્ર જિલ્લાનું રાજકારણ ગરમાયું હતું. બપોર સુધીમાં પીડિતાના પતિ દ્વારા દ્વારા પણ પ્રતિ આક્ષેપનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો હતો. સાંજ સુધીમાં પીડિતાનો બીજો વિડીયો સોશિયલ મીડિયા પર આવ્યો હતો. જોકે આ સમગ્ર પ્રકારણની તટસ્થ તપાસ કરવામાં આવે તો હકીકત બહાર આવે તેમ છે.

મંગળવારની રાત્રે પીડિતાએ સોશિયલ મીડિયાની એક ન્યુઝ ચેનલ પર ઈન્ટરવ્યૂ આપ્યો હતો, જેમાં અમરેલી જિલ્લાના જાણીતા ધારાસભ્યના પુત્ર તથા બગસરા પંથકના રાજકીય આગેવાન પર દુષ્કર્મ, વિદેશથી હાઇબ્રીડ ગાંજાનુ સ્મગલિંગ, તેમજ ધાક ધમકી આપવાના આક્ષેપો કરવામાં આવતા બુધવારનો આખો દિવસ સમગ્ર જિલ્લાના રાજકારણમાં ચહલપહલ જોવા મળી હતી, ઠેર ઠેર યુવતી દ્વારા આપવામાં આવેલા ઈન્ટરવ્યૂની ચર્ચા ચાલી હતી.

બપોર સુધીમાં પ્રતિ આક્ષેપના ભાગરૂપે ભોગ બનનાર યુવતીના પતિ દ્વારા પણ ભાજપના આગેવાનની તરફેણમાં વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં યુવતી તથા તેની માતા દ્વારા પૈસા પડાવવા માટે આ સમગ્ર ઘટનાક્રમ રચ્યો હોવાનું જણાવ્યું હતું. અગાઉ પણ આ માતાપુત્રીની જોડી દ્વારા ડાયમંડ એસોસિએશનના કોઈ પ્રકરણમાં પણ આવું જ કર્યું હોવાનું જણાવ્યું હતું. આમ આક્ષેપો અને પ્રતિ આક્ષેપો દિવસભર ચાલુ રહ્યા હતા. જોકે બંને વીડિયોમાં અમુક બાબતો સમાન સ્વીકાર કરવામાં આવ્યો છે. બેંગકોકના પ્રવાસ દરમિયાન બગસરા તાલુકાના ભાજપ અગ્રણીની ઉપસ્થિતિ સ્વીકારવામાં આવેલ છે. તેમજ સ્મગલિંગમાં પકડાયેલી યુવતીને છોડાવવામાં પણ વકીલ અને પૈસાની મદદ કરેલ હોવાનું પીડિતાના પતિ દ્વારા પણ જણાવવામાં આવ્યું છે.

આ બાબતે અમરેલી જિલ્લાના ધારાસભ્ય તેમના પુત્ર તેમજ અગ્રણી ભાજપ આગેવાનનો સંપર્ક કરવામાં આવતા કોઈ ફોન પર મળી શક્યા ન હતા. આ બાબતે પોલીસ કેવું વલણ રાખે છે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે. હાલ આ પ્રકરણને કારણે ભાજપ તેમજ તમામ રાજકીય પાર્ટીઓ નવી ચર્ચામાં જોડાઈ ગઈ છે.

# પ્રેમ અને કર્તવ્ય શું છે? આ બન્નેમાં શ્રેષ્ઠ કોણ?

### રવિવારે આ અંતર્ગત કર્મયોગી ડો.રાજીવ મિશ્રાનું વકતવ્ય યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વમાં ભય, ભૂદ, આતંકવાદ, ભ્રષ્ટાચાર અને આપઘાતનું પ્રમાણ દિન પ્રતિદીન વધી રહ્યું છે. ત્યારે આ તમામ બાબતોને નિરાકરણ ફકત યોગેશ્વશ કૃષ્ણ દ્વારા ગીતાજીમાં અપાયેલા કર્મજ્ઞાન અંગેના સુંદર શ્લોકોમાં મળે છે. વર્તમાનમાં કર્મજ્ઞાન અંગેની નાનામાં નાની સમજણ કર્મયોગી ડો.રાજીવ મિશ્રા દ્વારા સરળ શબ્દોમાં અપાઇ રહી છે.



આગામી તા.૨૭ને રવિવારના કર્મજ્ઞાન અંગેની વ્યાખ્યાન માળામાં કર્મયોગી ડો. રાજીવ મિશ્રા પ્રેમ અને કર્તવ્ય શું છે અને આ બન્નેમાં શ્રેષ્ઠ પ્રેમ કે કર્તવ્ય તે વિશે સંપૂર્ણ માહિ-તીસભર સમજણ આપશે. તો તમામ જીજ્ઞાશું લોકોએ આ નિઃશુલ્ક વ્યાખ્યાન માળાનો લાભ લેવા કર્મયોગ મંદિર જયુબેલીબાગ પાસે રાજકોટ ડિસ્ટ્રીક બેંક સામે દ્વારા આમંત્રણ પાઠવાયું છે.

છેલ્લા ૧૮ વર્ષથી કર્મયોગ મંદિર માનવ ઉત્થાન માટે નિઃસ્વાર્થ ભાવે પ્રયત્ન કરી રહ્યું છે. આગામી તા. ૪ જાન્યુઆરી ૨૦૨૬ના કર્મજ્ઞાન અંગેની સચોટ માહિતી તેમજ ચમત્કારીક જ્ઞાનને સમજવા સવારે ૯ થી ૧૧ દરમ્યાન નિઃશુલ્ક સેમીનારનું આયોજન ડો.રાજીવ મિશ્રા દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે વોટ્સઅપ નંબર ૮૫૧૧૮ ૨૯૦૦૨ પર રજીસ્ટ્રેશન કરાવું ફરજીયાત છે.

# કુવાડવા રોડ પર ચાંદની હોટલે સંચાલક સહિત આઠ શખ્સોખે યુવાન પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર ચાંદની હોટલે માથાકૂટ થઈ હતી. જેમાં હોટલ સંચાલક સહિતના એ તવિથા અને પાઇપ વડે માર માર્યાનો આક્ષેપ થયો છે. આ અંગે કુવાડવા રોડ પોલીસ મથકે જાણ થતા પોલીસ દોડી ગઈ હતી. સૂત્રોએ જણાવ્યા મુજબ, નરેન્દ્રભાઈ ભીખુભાઈ ખવડ (ઉં. વ.૩૮, રહે.ચોટીલા, થાન રોડ, પાંજરાપોળ) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે કુવાડવા રોડ પર આવેલ ચાંદની હોટલ ખાતે જમવાનું પાર્સલ લેવા ગયા હતા.



જ્યાં અજાણ્યા માણસોએ ઝઘડો કરી તવિથા અને પાઇપ વડે માર માર્યો હતો. તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. નરેન્દ્રભાઈએ જણાવ્યું કે, હું ખેતી કામ કરું છું અને મોબાઈલ ટાવર નાખવાનો કોન્ટ્રાકટ રાખું છું.

અમે ૩ લોકો રાત્રે જમવાનું પાર્સલ લેવા ચાંદની હોટલે ગયા હતા. હોટલના કાઉન્ટરે વાત કરી તો ત્યાં મને કહેવામાં આવ્યું કે, વાર લાગશે. જેથી મેં કહ્યું કે, મારે તો પાર્સલ જોઈએ છે. આટલી વાતમાં બોલાચાલી થઈ પછી સામેવાળા ઉશ્કેરાયા અને ૭થી ૮ માણસોએ મળી માર મારવા લાગ્યા હતા. પોલીસે આ મામલે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# શાપરના પડવલાની કંપનીના કમ્પાઉન્ડમાં માસુમ બાળક પર લોખંડની ચેનલ માથે પડતા મોત

### એકના એક પુત્રને ગુમાવતા પરિવારમાં અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરના પડવલા ગામે આવેલી કંપનીના કવાર્ટરમાં રહેતા અને ત્યાંજ કામ કરતા પરિવારનો ૪ વર્ષનો પુત્ર કમ્પાઉન્ડમાં રમતો હતો ત્યારે લોખંડની ચેનલ માથે પડતા બાળકનું કમકમાટી ભર્યું મોત નિપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

શાપરના પડવલામાં આવેલ ફોરમેટ ટેકનોલોજી પ્રા.લી નામની કંપનીમાં કામ કરતા અને ત્યાંના જ કવાર્ટરમાં રહેતા અમિત કોલનો ૪ વર્ષનો પુત્ર નૈતિક ગતરાત્રીના નવેક વાગ્યા આસપાસ કંપનીના



કમ્પાઉન્ડમાં રમતો હતો ત્યારે લોખંડની ચેનલ માથે પડતાં બાળકને ગંભીર ઈજા પહોંચી હતી.બનાવના પગલે કંપનીમાં કામ કરતા લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને ઈજાગ્રસ્ત બાળકને તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જયાં બાળકે ચાલુ સારવાર દરમ્યાન હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી શાપર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા પરિવાર એમપીનો વતની છે. બે વર્ષથી ઉપરોકત કંપનીમાં નોકરી છે. એકના એક પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

# કાલથી મહાદેવના પ્રિય એવા શ્રાવણ માસનો મંગલ પ્રારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવાન શિવજીનો પ્રિય પવિત્ર શ્રાવણ માસનો આવતીકાલથી શિવ આરાધના સાથે પ્રારંભ થઇ રહ્યો છે. આ વખતે પુરા ત્રીસ દિવસનો મહિનો અને ચાર સોમવાર આવશે. ભાવિકોમાં શ્રાવણ માસમાં શિવ આરાધનાનો અનેરો થનગનાટ છે.

સૌરાષ્ટ્રભરમાં આવેલા વિવિધ શિવાલયો વેરાવળમાં પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવ, દ્વારકા નજીક શ્રી નાગેશ્વર મહાદેવ, ગોપનાથ મહાદેવ, જસદણના ઘેલા સોમનાથ સહિતના પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં આવતીકાલથી ભકિતોનો જમાવડો જોવા મળશે.

શિવાલયોમાં આવતીકાલથી ચાર પ્રહરની પૂજા-અર્ચના, મહાઆરતી, લઘુરૂદ્ર યજ્ઞ, મહામૃત્યુંજય જાપ, શિવસ્તુતિ, જપ, તપ સહિતના ધાર્મિક અનુષ્ઠાનો આખો દિવસ ચાલશે. શિવાલયોને રોશનીના શણગાર, સુશોભન કરાયા છે. આવતીકાલથી શિવભકતો શિવલિંગને અભિષેક, પૂજન અર્ચન કરીને જીવને શિવમાં પરોવવાનો પુરૂષાર્થ કરશે.

રાજકોટના સુપ્રસિધ્ધ અને પ્રાચીન શ્રી રામનાથ મહાદેવ, પંચનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ મંદિર, મહાકાલેશ્વર મહાદેવ મંદિર સહિતના પ્રાચીન અર્વાચીન મંદિરોમાં કાલથી ભકતોની ભીડ જોવા મળશે.

# રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ટ્રાફિક નિયમન સુચારુ બને તેમજ વાહન અકસ્માતમાં ઘટાડો જોવા મળે તે માટે કાર્યરત રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠકમાં ટ્રાફિક સિગ્નલ, દબાણ, ગેરકાયદે હાઈવે મીડિયન ગેપ, હેલ્મેટ, લાઈસન્સ ઝુંબેશ વગેરે અંગે આર.ટી.ઓ. તથા પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી ડ્રાઈવ તેમજ જનજાગૃતિ કાર્યક્રમ અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકોમાં અકસ્માત જીવલેણ ન બને તે માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ શહેરમાં હેલ્મેટ ફરજીયાત હોવાનું જણાવી આગામી દિવસોમાં હેલ્મેટ ચેકીંગ ડ્રાઈવ પુનઃ શરુ કરવા પોલીસ કમિશનરશ્રીએ ખાસ સૂચના આપી હતી. આગામી દિવસોમાં તહેવાર પૂર્ણ થયા બાદ તા. ૮ સપ્ટેમ્બરથી શહેરમાં હેલ્મેટ અંગેની મેગા ડ્રાઈવ શરુ કરવામાં આવશે તેમ બ્રજેશકુમારે નિર્દેશ આપ્યો હતો.

બેઠકમાં બ્રજેશકુમારે હાઈ-વે પર અકસ્માતના કારણોમાં લોકો દ્વારા ગેરકાયદે તોડવામાં આવતા મીડિયન ગેપ બુરી દેવા અને તેનો વિરોધ કરે તેમના વિરુધ્ધ સખત કાર્યવાહી કરવા ખાસ સૂચના આપી હતી. તેમજ રોંગ સાઈડમાં આવતા વાહન ચાલકો વિરુધ્ધ કામગીરી કરવા પોલીસ વિભાગ તેમજ આર.ટી.ઓ.ને સૂચનાઓ આપી હતી.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી પૂજા યાદવે શહેરમાં ટ્રાફિક પોલીસ, આર.ટી.ઓ. તેમજ આર.એમ.સી. દ્વારા ટ્રાફિક બસના ડ્રાઈવરના ચેકિંગ અંગે કરેલ કામગીરીની વિગતો રજુ કરી હતી. તેમજ હેલ્મેટ, સીટ બેલ્ટ, ડ્રાંઈવિંગ લાઈસન્સ સહીત ચેકીંગ અંગે કરવામાં આવેલ ડ્રાઈવ, ગેરકાયદે ચાલતા છકડા વિરુદ્ધ કરવામાં આવેલ કામગીરીની વિગતવાર માહિતી રજુ કરી હતી.

આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડે ટ્રાફિક ડ્રાઈવ અને માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત કરેલ કામગીરીની માહિતી પુરી પાડી હતી. રાજ્ય સરકાર દ્વારા માર્ગ અકસ્માતમાં ઘાયલને રૂ. ૧.૫૦ લાખ સુધી કેશલેસ સારવાર મળવાપાત્ર હોવાનો ઉલ્લેખ કરી હોસ્પિટલ દ્વારા તેમાં સહકાર મળે તે માટે ખાસ ભાર મુક્યો હતો. તેમજ હિટ એન્ડ રન કેસમાં પણ ઘાયલને વળતર મળવાપાત્ર હોવાનું પોલીસ કમિશનરએ જણાવ્યું હતું.

નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી મનીષ ગુરવાણીએ શહેરમાં દબાણ હટાવ કામગીરી, રોડ રીપેરીંગ, સર્કલ નાના કરવા સહિતની કામગીરી અંગે સંબંધિત અધિકારીઓને કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ તકે અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, એ.સી.પી. મુનાફ પઠાણ, વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ, મહાનગર પાલિકા, નેશનલ હાઈવે ઓથોરિટી સહીત વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

# રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશન અને લોકમાન્ય તિલક સ્નાનાગારના કર્મચારીઓના સંયુક્ત ઉપક્રમે "તરણ સ્પર્ધા" કાર્યક્રમ યોજાયો

## સ્પર્ધાનો શુભારંભ મેયર નયનાબેન પેઢડીયાના વરદ્દ હસ્તે કરવામાં આવ્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમતગમત આપણા જીવનનો એક અભિન્ન ભાગ છે. જે આપણા શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી માટે અસંખ્ય લાભો પ્રદાન કરે છે. રમતગમતમાં વ્યસ્ત રહેવાથી વ્યક્તિગત વિકાસ, કૌશલ્ય વિકાસ, સામાજિક ક્રિયાપ્રતિક્રિયા અને એકંદર આનંદની તકો મળે છે. તંદુરસ્ત, સુખી અને વધુ સંતુલિત જીવનશૈલી સુનિશ્ચિત કરવા માટે તમામ સ્તરે રમતગમતને પ્રોત્સાહિત અને પ્રોત્સાહન ગુજરાત સરકારશ્રીના ''રમશે ગુજરાત, જીતશે ગુજરાત'' અભિયાન અંતર્ગત રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશન અને લોકમાન્ય તિલક સ્નાનાગારના કર્મચારીઓના સંયુક્ત ઉપક્રમે રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી ''તરણ સ્પર્ધા-૨૦૨૫''નું તા.૨૩/૦૭/૨૦૨૫, બુધવારના રોજ સવારે ૮ કલાકે, લોકમાન્ય તિલક સ્નાનાગાર, રેસકોર્ષ સંકુલ, રાજકોટ ખાતે આયોજન કરેલ.આ સ્પર્ધાનો શુભારંભ માન. મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના વરદ્દ હસ્તે કરવામાં આવ્યો.


આ ''તરણ સ્પર્ધા-૨૦૨૫''ના કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન કંકુબેન ઉધરેજા, વોર્ડ નં.૧ના કોર્પોરેટર ડૉ. અલ્પેશભાઈ મોરજરીયા, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશનના પ્રમુખ ઉમેશભાઈ રાજ્યગુરુ, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, મેનેજર કૌશિક ઉનાવા, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશન અને લોકમાન્ય તિલક સ્નાનાગારના કર્મચારીઓ, સ્પર્ધકો વગેરે ઉપસ્થિત રહેલ.

આ ''તરણ સ્પર્ધા-૨૦૨૫''માં લોકમાન્ય તિલક સ્નાનાગારના બેચ વાઈઝ કુલ-૪૦૦થી વધુ સભ્યો જોડાયા. આ સ્પર્ધામાં ૫ વર્ષની ઉંમરના બાળકોથી લઈ ૮૨ વર્ષ સુધીના સભ્યો ભાગ લીધેલ. આ ''તરણ સ્પર્ધા-૨૦૨૫''માં પ્રથમ ત્રણ વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો તથા પદાધિકારીઓના વરદ્દ હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

# આધેડે ફાંકી નહિ આપતા અજાણ્યા શખ્સોનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા સંતકબીર રોડ પર આવેલા ગોકુલનગર આવાસ યોજનાનાં કવાર્ટરમા રહેતા આધેડ માર્કેટીંગ યાર્ડ પાસે હતા. ત્યારે અજાણ્યા શખસોએ ફાકી માંગી હતી. આધેડે ફાકી નહીં આપતા અજાણ્યા શખસોએ છરીનો ઘા ઝીકી દીધો હતો. આધેડને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ સંતકબીર રોડ પર આવેલા ગોકુલનગર આવાસ યોજનાનાં કવાર્ટરમા રહેતા રાજુભાઈ બચુભાઈ વરુ નામનાં ૫૨ વર્ષનાં આધેડ માર્કેટીંગ યાર્ડ પાસે હતા. ત્યારે અજાણ્યા શખસોએ ફાકી માંગી હતી. રાજુભાઈ વરુએ ફાકી નહીં આપતા



અજાણ્યા શખસોએ ઉશ્કેરાય જઈ ઝઘડો કરી છરીનો ઘા ઝીકી દીધો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યા હતા.

આ ઉપરાંત અન્ય બનાવમા જુના માર્કેટ યાર્ડ પાસે સાગર નગરસ્મા રહેતા હમીર રોહીતભાઈ દેલવાડીયા નામનો ૧૯ વર્ષનો યુવાન જુના માર્કેટ યાર્ડ પાસે હતો. ત્યારે વીજય સહીતનાં શખસોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો જયારે બીજા બનાવમા કાલાવડ રોડ પર યોગી નીંકતન સોસાયટીમા રહેતા નીલેશભાઈ નાનજીભાઈ મારડીયા (ઉ.વ. ૫૮ ) એસ્ટ્રોન ચોક ખાતે હતા. ત્યારે અજાણ્યા શખસોએ ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામા ઘવાયેલા યુવક અને આધેડને સારવ-ાર માટે સિવીલ હોસ્પીટલમા ખસેડાયા હતા. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માલિયાસણ પાસે અજાણ્યા વાહન ચાલકે આધેડને ઉલાળતા મોત

## અજાણ્યા મૃતકના વાલી વારસ અને અકસ્માત સર્જી નાસી છૂટેલા શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર માલીયાસણ પાસે પુલનાં છેડે અજાણ્યા આધેડને અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામા મોતને ભેટેલા અજાણ્યા આધેડનાં વાલી વારસની પોલીસે શોધખોળ હાથ ધરી છે. અકસ્માત સર્જી નાસી છુટેલા વાહન ચાલકને ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા છે. રાજકોટ - અમદાવાદ હાઈવે પર શહેરની ભાગોળે આવેલા માલીયાસણ પાસે આવેલા ઓવર બ્રિજનાં છેડે અજાણ્યા વાહન ચાલકે આશરે ૫૦ વર્ષનાં રાહદારી આધેડને ઠોકરે ચડાવતા અકસ્માત



સર્જાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આધેડને સારવાર મળે તે પુર્વે જ ઘટના સ્થળે મોત નીપજયુ હતુ. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક નાસી છુટયો હતો. અકસ્માતનાં બનાવને પગલે લોકોનાં ટોળા એકઠા થયા હતા. અને ઘટના અંગે પોલીસને જાણ કરતા કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડનાં મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડયો હતો. પોલીસે અકસ્માત સર્જી નાસી છુટેલા અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરી ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા છે . જયારે મૃતક અજાણ્યા આધેડનાં વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# માઈન્ડ ન્યુરોબિક્સ વિશે તા.૨૬ એ રોટરી ગ્રેટર ભવન રાજકોટ ખાતે યોજાશે ફ્રી સેમિનાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'માઈન્ડ ન્યુરોબિક્સ એક અદ્યતન ટેકનીક છે. આ ટેકનીક સાફલ્યવાદી અભિગમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે જે નકારાત્મક ઊર્જાને દૂર કરે છે, ચક્રોને સાજા કરે છે અને માનસિક શક્તિમાં સુધારો કરે છે. કોઈપણ બીમારીને દૂર કરવા અથવા રોજિંદા જીવનના તણાવ અને અવરોધનો સામનો કરવા માટે આવી વૈકલ્પિક ઉપચાર શીખવો અને તેનો અભ્યાસ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આ ટેકનીક વિશે વિસ્તૃત માહિ-તી આપવા માટે તા. ૨૬ શનિવારના રોજ રોટરી ગ્રેટર ભવન - વિદ્યાનગર મેઈન રોડ ખાતે સવારે ૧૧ થી ૧ સુધી ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં રજીસ્ટ્રેશન માટે ૯૯૨૫૧૫૯૪૩૮ અથવા ૭૦૪૪૦૬૬૬૫૪ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે ગોંડલ તાલુકાના રૂ. ૮.૯૨ લાખથી વધુના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે રાજકોટ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠક ગત તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રાજકોટ જિલ્લાના કુલ રૂ. રૂ.૬૧,૫૬,૫૭૭ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જેમાં રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના રાવણા ગામમાં રૂ.૬,૩૮૩,૦૦ના ખર્ચે ૫૦ હજાર લી. ક્ષમતાનું સીસ્ટર્ન, ગરનાળા ગામમાં રૂ. ૧,૨૪૦,૨૩ના નવા સંપ પર પંપીંગ મશીનરી સાથે એસેસરીઝનું કામ, અને મસીતાળા ગામમાં રૂ.૧,૨૯૮,૦૦ના ખર્ચે પંપરૂમ બનાવવા એમ કુલ રૂ.૮,૯૨,૧૨૩ના ખર્ચે ગોંડલ તાલુકામાં આગામી દિવસોમાં કામગીરી થશે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

# જયપ્રકાશનગરમાં રિસામણે બેઠેલી પત્નીને મળવા ગયેલા યુવાનનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

## સસરા અને પત્નીએ ઝઘડો કરતા યુવાને પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરાના જયપ્રકાશનગરમાં રિસામણે આવેલી પત્ની અને પુત્રને મળવા ગયેલા માધાપરના યુવકને તેની પત્ની અને સસરાએ બોલાચાલી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેમને લાગી આવતા ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ મામલે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની વિગતો મુજબ, માધાપર ગામ આંબેકડરનગરમાં રહેતા રણજીતભાઈ રમેશભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ સસરા દિનેશભાઈ દેવાભાઈ કટારીયા અને પત્ની જયશ્રી સામે ફરિયાદ નોંધાવી છે.રણજીતે ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું કડીયાકામ ની મજુરી કામ કરૂ છું મારા લગ્ન આજથી નવ વર્ષ પહેલા ભગવતીપરા શેરી નં.૯ જય પ્રકાશનગર ખાતે રહેતા દિનેશભાઈ દેવાભાઈ કટારીયા ની દિકરી જયશ્રી સાથે થયેલા અને મારે સંતાનમાં દિકરો છે અને મારી પત્ની છેલ્લા એક વર્ષથી સાસરે રીસામણે છે. ગતરોજ સાંજના છ વાગ્યાની આસપાસ હુ મારા સસરા દિનેશભાઈ ના ઘેરે મારા દિકરા દક્ષને મળવા માટે ગયેલ હતો અને ત્યાં જઈને મે મારી પત્ની જયશ્રીને કહેલ કે દક્ષ કવ્યા છે જેથી મારી પત્નીએ કહેલ કે તે બહાર રમવા માટે ગયેલ છે. અને તેમ કહી તે મારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને મને ગાળો દેવા લાગેલ અને મારા સસરા પણ મારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને મને લાગી આવતા મારી સાથે લાવેલ ફીનાઈલ મે થોડી પી લીધેલ અને મે મારા ભાઈ પ્રકાશભાઈ ને ફોન કરીને બોલાવેલ તે આવી જતા મને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.આ મામલે ફરિયાદ નોંધવામાં આવી હતી.

# રાજકોટમાં હાર્ટ એટેક વધુ એક જિંદગી ભરખી ગયો: પ્રૌઢનું મોત

## યોગા સેન્ટરમાંથી નીચે ઉતરતા છતીસગઢના પ્રૌઢ બેભાન હાલતમાં ઢળી પડ્યા બાદ દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રાજનગર ચોકમાં યોગા સેન્ટરમાંથી યોગા કરીને ઉતરતા પ્રૌઢનું બેભાન થઇ ઢળી પડતા મોત નીપજયું હતું.

જાણવા મળતી વિગત મુજબ અંબિકા ટાઉનશીપ પાસે કસ્તુરી એપીટીસમાં રહેતા રાજેન્દ્રસિંગ રતનસિંગ ગુરુજી (ઉ.વ.૫૨) નામના પ્રૌઢ આજે સવારે રાજનગર ચોકમાં ઓમ વેલનેશ સેન્ટરમાં હતા ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડતા તેમને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું.

પ્રાથમિક તપાસમાં મૃતક પ્રૌઢ મુળ છતિસગઢના વતની છે અને હાલ



રાજકોટમાં રહી શાપર વેરાવળમાં કંપનીમાં નોકરી કરતા હતા. બુધવારે કારખાનામાં રજા હોવાથી તેઓ રાજનગર ચોકમાં આવેલા યોગા સેન્ટરમાં યોગા કરવા ગયા હતા જયાં યોગા કરીને ઉતરતા હતા ત્યારે હાર્ટ એટેક આવતા ઢળી પડતા તેમનું મોત નિપજયું હતું. મૃતક બે બહેનના એકના એક ભાઈ હતા તેમને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# શનિવારથી ત્રણ દિવસ લોકમેળાના સ્ટોલ-પ્લોટ માટે ડ્રો-હરરાજી યોજાશે

રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આગામી તા.૧૪ ઓગષ્ટથી પાંચ દિવસીય આયોજીત કરાયેલા જન્માષ્ટમીના લોકમેળા અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાઈડસની એસ.ઓ.પી.માં છુટછાટ અપાતા અત્યાર સુધીમાં ૨૮૯ ફોર્મ ઉપડી ગયા છે. જયારે ૪૫ જેટલા ભરાયેલા ફોર્મ સબમીટ થવા પામેલ છે. જેમા મોટી રાઈડસના ૨ અને નાની રાઈડસના ૧૨ ફોર્મનો સમાવેશ થાય છે. લોકમેળાના સ્ટોલ અને પ્લોટ માટે ડ્રો અને હરરાજીનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવેલ છે. જે અનુસાર કેટેગરી-એ (ખાણીપીણી મોટી), કેટેગરી બી-૧ કોર્નર ખાણીપીણી, કેટેગરી-એકસ આઈસ્ક્રીમ તથા કેટેગરી- ઝેડ (ટી- કોર્નર)ની હરરાજી તા.૨૬ને શનિવાર સવારે ૧૨:૩૦ કલાકે તથા યાંત્રિક કેટેગરી-ઈ, એફ, જી અને એચના પ્લોટની હરરાજી તા.૨૭ રવિવારને સવારે ૧૧:૩૦ કલાકે રાખવામાં આવી છે. આ ઉપરાંત તા.૨૮ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કેટેગરી-બી રમકડાના સ્ટોલ, કેટેગરી-સી ખાણીપીણી નાની, કેટેગરી-જે મધ્યમ ચકરડીના પ્લોટ, કેટેગરી-કેની નાની ચકરડીના પ્લોટનો ડ્રો યોજાશે. આ તમામ સ્ટોલ- પ્લોટના ડ્રો અને હરરાજી મિટિંગ હોલ, પ્રાંત કચેરી, રાજકોટ (શહેર-૧)જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ ખાતે યોજાશે.

# મંત્રી જગદીશ વિશ્વકર્મા ૨૫ જુલાઈએ રાજકોટ જિલ્લાના પ્રવાસે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રોટોકોલ તથા લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા તા. ૨૫ જુલાઈ, ૨૦૨૫ને શુક્રવારે રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનાર છે, જે અન્વયે મંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાજકોટ શહેરમાં રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ ખાતે 'સહકારથી સમૃદ્ધિ' અંગે સમીક્ષા બેઠક યોજાશે.

જે અંતર્ગત સવારે ૧૦ થી ૧૦.૩૦ સુધી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી., ધી રાજકોટ નગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અને મોરબી જિલ્લા મહિલા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની બેઠક, સવારે ૧૧.૩૦ થી બપોરે ૧ સુધી ધી સુરેન્દ્રનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી. અને સુરેન્દ્રનગર જિલ્લા મહિલા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની બેઠક, બપોરે ૨ થી ૩.૩૦ સુધી ધી જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., ધી કોડીનાર તાલુકા કો.ઓ. બેન્કિંગ યુનિયન લી., ધી જુનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અને ધી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની બેઠક તેમજ બપોરે ૩.૩૦ થી સાંજે ૫ સુધી ધી જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. લી., ધી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ધી દેવભૂમિ દ્વારકા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ધી કચ્છ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અને ધી કચ્છ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. લી. ની બેઠક યોજાશે. ત્યાર બાદ મંત્રી અનુકુળતાએ અમદાવાદ જવા રવાના થશે.

# ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા મનોદિવ્યાંગ બાળકો ના લાભાર્થે ૨૨મો શૈક્ષણિક કીટ વિતરણ સમારંભ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતર માં જ રાજકોટ ની અગ્રીમ હરોળ ની સેવા સંસ્થા ફ્રીડમ યુવા ગ્રુપ-રાજકોટ દ્વારા પ્રતિવર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ સતત ૨૨ માં વર્ષે શહેર ના મનોદિવ્યાંગ બાળકો અને જરૂરિયાતમંદ વિધાર્થીઓને ફૂલ સ્કેપ બુક્સ, સ્કૂલ બેગ, વોટર બોટલ, લંચ બોક્સ, કંપાસ, એકઝામ પેડ સહિતની સમૃધ્ધ શૈક્ષણિક કીટ અર્પણ કરવા ૨૨ મો ''શૈક્ષણિક કીટ વિતરણ સમારંભ'' રાજકોટ નાં હેમુ ગઢવી હૉલ ખાતે યોજાયો હતો. આ ૨૨ મા શૈક્ષણિક સાધન સહાય સમારંભ નાં અધ્યક્ષ સ્થાને પ્રદેશભાજપ અગ્રણી અને દાતા કશ્યપભાઈ શુક્લ ના વરદ હસ્તે સમારંભ નું દીપ પ્રાગટ્ય દ્વારા ઉદઘાટન કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, રા.મ્યુ.કો. ના ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, રા.મ્યુ.કો. ના દંડક મનીષભાઈ રાડિયા, સમારંભ ના મુખ્ય દાતા હેમાક્ષીબેન ઘોડાદ્રા, ડો.મયંક ઠક્કર, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, વા .ચેરમેન ડૉ.પ્રવીણભાઇ નિમાવત, જાણીતા ઉદ્યોગપતિ વિરલભાઈ પલાણ, એચ. એ.નકાની, કિરીટભાઈ પાંધી, જાણીતા ઉદ્યોગપતિ સંદીપભાઈ પટેલ, સરોજબેન, વોર્ડ નં.૭ ના નગરસેવિકા શજયશ્રીબેન ચાવડા તથા વર્ષાબેન પાંધી, કેતનભાઈ પારેખ, સંજયભાઈ મણિયાર, સહિતના જાહેરજીવન - સમાજજીવન નાં મહાનુભાવો ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. અને મનોદિવ્યાંગ બાળકો ને શૈક્ષણિક કીટ વિતરણ સમયે નિર્દોષ બાળરાજાઓ ના ચહેરા પર ની સ્મિત જોઈ ઉપસ્થિત સૌ કોઈ ભાવુક થઈ ગયા હતા.

આ વર્ષે મનોદિવ્યાંગ તેમજ જરૂરીયાતમંદ બાળકોને પણ આ શૈક્ષણિક કીટ આપવામાં આવેલ હતી જેનાં માટે નવશક્તિ વિદ્યાલયનાં માધ્યમ થી મનોદિવ્યાંગ બાળકો ને શોધવામાં મદદ મળી હતી.

ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા આયોજિત ૨૨માં શૈક્ષણિક કીટ વિતરણ સમારોહ ને સફળ બનાવવા સંસ્થાનાં સંસ્થાપક ભાગ્યેશ વોરાની રાહબરીમાં ચેરમેન મનોજ ડોડીયા, વા. ચેરમેન સંજય પારેખ, પ્રમુખ પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, ચંદ્રેશ પરમાર, નિમેષ કેસરિયા, અલ્પેશ પલાણ, રસિક મોરધરા, રાજન સુરૂ, નિતીન જરીયા, ધવલ પડીઆ, હર્ષદ ચોકસી, રિતેશ ચોકસી, મિલન વોરા, અલ્પેશ ગોહેલ, જીતેશ સંધાણી, જીજ્ઞેશ આહીર, ચેતન મહેતા, ધ્રુવ રાજા, કૌશલ બુંદેલા,પરેશ ગોહેલ,અભી આહીર સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# શ્રાવણ માસમા કતલખાના તેમજ નોનવેજ ની દુકાનો બંધ રાખવા જાહેરનામુ બહાર પાડો

## બ્રહ્મ શાશ્વત ધર્મ સમિતિ દ્વારા કલેક્ટરને કરાઈ રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સનાતન હિન્દુ ધર્મ મા શિવ ભક્તિ મા લીન થવા માટે નું સવિશેષ મહત્વ ધરાવતા શિવજી ને અત્યંત પ્રિય એવા શ્રાવણ માસ દરમિયાન રાજકોટ ના સ્થાનિક પ્રશાસન દ્વારા દર વર્ષે એક સગવડિયું જાહેરનામું બહાર પાડવામાં આવે છે , જેનાથી સૌ સનાતની હિન્દુઓ ની ધાર્મિક લાગણી ને ઠેસ પહોંચે છે.

દર વર્ષે શ્રાવણ માસ દરમિયાન રાજકોટ મહાનગર પાલિકા કમિશનર તરફથી એક જાહેરનામું બહાર પાડવામાં આવે છે જેમાં શ્રાવણ મહિના મા આવતા ચાર કે પાંચ સોમવાર ના દિવસે જ કતલખાના બંધ રાખવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે છે , શ્રાવણીયા સોમવાર સિવાય બાકીના દિવસો મા કતલખાના બેરોકટોક ચાલુ રહે છે. સંપુર્ણ શ્રાવણ મહિનો પવિત્ર છે ત્યારે સ્થાનિક પ્રશાસન દ્વારા આવું સગવડિયું જાહેરનામું કેમ પ્રસિદ્ધ કરવામાં આવે છે ?? વધુમાં આ જાહેરનામું માત્ર એક કાગળ બનીને રહી જાય છે , તેનો કડક અમલ થાય છે કે નહિ તે ચકાસવા મા રાજકોટ મહાનગરપાલિકા કે રાજકોટ પોલીસ ને રસ નથી , ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મહાશિવરાત્રી ના પર્વ નિમિત્તે માંસ મટન મચ્છી ચિકન સહિત નોન વેજ ના સંગ્રહ તેમજ ઓનલાઇન ઓફલાઈન વેચાણ પર પ્રતિબંધ મૂકતું આવું જ એક સગવડિયું જાહેરનામું રાજકોટ મનપા કમિશનરે બહાર પાડ્યું હતું પણ ઝેપટો નામની એક ઓનલાઇન ફૂડ ડિલિવરી એપ પર બેરોકટોક ચિકન મટન મચ્છી જેવી વસ્તુઓ નું વેચાણ થતું હતું , જેના બિલ સહિત ના અનેક ફીઝીક્લ પુરાવા રાજકોટ મનપા ના આરોગ્ય અધિકારી ને આપ્યા બાદ આરોગ્ય શાખા એ અલગ અલગ વેર હાઉસ અને દુકાનો પર દરોડા પાડતા



૨૦૦ કિલો થી વધુ નોનવેજ નો જથ્થો ઝડપાયો હતો.

રાજકોટ શહેર ના મારા સહિત સૌ સનાતની હિન્દુઓ ની ધાર્મિક લાગણી દુભાય નહિ તેવા પવિત્ર ભાવ સાથે બ્રહ્મ શાશ્વત ધર્મ સમિતિ દ્વારાકલેક્ટર સમક્ષ રજૂઆત કરાઈ હતી. જેમાં (૧) સંપુર્ણ શ્રાવણ માસ દરમિયાન રાજકોટ શહેર મા આવેલા તમામ કતલખાના બંધ રાખવા અને માંસ મટન ચિકન મચ્છી જેવી તમામ નોન વેજ વસ્તુઓ ના સંગ્રહ કે ઓનલાઇન ઓફલાઈન વેચાણ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામા આવે . .

(૨) રાજકોટ પોલીસ અને રાજકોટ મહાનગરપાલિકા ની એક ટીમ આ જાહેરનામા નો યોગ્ય અમલ કરાવવા ફિલ્ડ મા કામગીરી કરે , ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે જાહેરનામા નો જે ખુલ્લેઆમ ભંગ થયો હતો તેવું આ વખતે ન બને તેની ખાસ તકેદારી રાખવામા આવે. જો સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા આ માંગણીઓ સ્વીકારવામા નહિ આવે તો કતલખાના અને નોનવેજ વસ્તુઓ ના વેચાણ બંધ કરાવવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવા સંસ્થાએ જણાવ્યું હતું .

આ તકે બ્રહ્મ શાશ્વત ધર્મ સમિતિ ના સંસ્થાપક અધ્યક્ષ તુષિત ભાઈ પાણેરી , સામાજીક શ્રેષ્ઠી દીપક ભાઈ ગોઠી, દીપક ભાઈ રાઠોડ , બ્રહ્મ સમાજ અગ્રણી ભરત ભાઈ જોશી, તેજસ ભાઈ જોશી, પાટીદાર અગ્રણી વજુભાઈ અજુડીયા, સાહિલ ભાઈ પરસાણીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વામ્બે આવાસના ક્વાર્ટરમાં યુવતીએ ગળેફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો

## આપઘાતનું કારણ અકબંધ; સગાઈના થોડા સમય બાદ યુવતીએ પગલું ભરતા પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ વામ્બે આવાસના ક્વાર્ટરમાં રહેતી યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાઈ ગયો છે. યુવતીની થોડા દિવસ પહેલા જ સગાઈ થઈ હતી. આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

આ અંગેની વિગતો મુજબ, કાલાવડ રોડ વામ્બે આવાસના ક્વાર્ટર



નંબર ૨૩/૩૮માં રહેતી જેમીષ્ઠા વિજયભાઈ જાદવ (બારોટ) (ઉ.૨૩)એ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમને ૧૦૮ના તબીબ રોશનીબેને મૃત જાહેર કરી હતી. ત્યારબાદ તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો તાલુકા પોલીસને બનાવની જાણ કરવામાં આવતા એએસઆઈ ડી.સી. જોશી અને સ્ટાફ સિવિલ હોસ્પિટલે દોડી ગયો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમના પિતા વિજયભાઈ હીરા ઘસવાનું કામ કરે છે.પોતે એક ભાઈ બે બહેનમાં નાની હતી અને તેમના મોટા બહેનના લગ્ન થઈ ગયા છે. જેમીષ્ઠાની થોડા દિવસ પહેલા જ સગાઈ થઈ હતી.તે અગાઉ બીમાર રહેતી પરંતુ હાલ તબિયત સારી હતી.તેણી એ કયા કારણોસર આ પગલું ભર્યું એ અંગે તાલુકા પોલીસે તપાસ યથાવત રાખી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રીબડામાં મોડી રાત્રીના પેટ્રોલપંપ પર ફાયરીંગ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રિબડાનાં પાદર માં આવેલા અનિરુદ્ધસિંહનાં ભત્રિજા જયદીપસિંહ ભગીરથસિંહ જાડેજાનાં પેટ્રોલ પંપ ઉપર બાઇક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ફાયરીંગ કર્યુ હતુ.ઓફીસનો કાચ તોડી ગોળી ઓફીસમાં મંદિરનાં ખુણા પર લાગી.અલબત્ત જાનહાની નથી.ઓફીસ માં કામ કરતા જાવેદભાઇ ખોખર નું પોલીસે નિવેદન નોંધ્યુ છે. બનાવ ને પગલે ગોંડલ પંથકમાં સનસનાટી મચી જવા પામી છે. બનાવ અંગે જાવેદભાઇ રહીમભાઈ ખોખર/સંધી ઉ.વ.૩૮ ધંધો-પ્રાઈવેટ નોકરી રહે.કોઠારીયા સોલવંત રાજકોટ.

રૂબરૂમાં આવી પોલીસમાં ફરીયાદએ કરેલ કે, રીબડા પેટ્રોલીયમ ખાતે દોઢેક વર્ષથી ફીલરમેન તરીકે પ્રાઈવેટ નોકરી કરૂ છું.

ગઇ કાલ તા-૨૩/૦૭/૨૦૨૫ ના રાત્રીના આઠ વાગ્યે હુ રીબડા ગામે આવેલ રીબડા પેટ્રોલીયમ ખાતે નોકરી પર આવેલ હતો. અને પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પંપના મેનેજર જગદીશસિંહ ચંદુભા ગોહિલ રહે રાજકોટ મવડી ચોકડી વાળા પણ હાજર હતા. અને કોઇ વાહન પેટ્રોલ કે ડિઝલ પુરાવવા આવે ત્યારે અમે પેટ્રોલ પુરતા હોઇએ છીએ અને મોડી રાત્રીના વાહનો ઓછા આવતા હોય જેથી પેટ્રોલ પંપની ઓફીસ આવેલ હોય તેમાં બેસતા હોઇએ છીએ અને જ્યારે કોઇ વાહન આવે ત્યારે પેટ્રોલ પુરીને પાછા ઓફીસમા જતા રહીએ છીએ. અને મોડી રાત્રીના હુ ઓફીસમા બાકડા ઉપર સુતેલ હતો અને મારા મોબાઇલમાં ગેમ રમતો હતો અને જગદીશસિંહ બાજુમા આરામ કરવા જતા રહેલ હતા અને હુ ગેમ રમતો હતો તે દરમ્યાન આજે તા-૨૪/૦૭/૨૦૨૫ ની શરૂ રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ અચાનક ઓફીસના કાચ ઉપર ફાયરીંગ થયેલ જેથી કાચ તુટી ગોળી અંદર આવેલ અને ઓફીસમા રહેલ મંદિરના ખુણા ઉપર લાગતા મંદિરનો લાકડાનો ટુકડો તુટી નીચે પડી ગયેલ જેથી હુ તરતજ ઉભો થઈને ઓફીસના દરવાજે આવી જોયુ તો એક મોટર સાયકલ ઉપર બે અજાણ્યા માણસો હોય જે બજન્ને માણસોએ પોતાના મોઢા ઉપર રૂમાલ બાંધેલ હતા. અને મને જોઇ જતા મારી સામે બંદુક ટાંકેલ જેથી હુ ગભરાઇ ગયેલ અને ઓફીસની અંદર દોડીને જતો રહેલ અને આ ફાયરીંગનો અવાજ સાંભળીને મેનેજર જગદીશસિંહ ઓફીસના અંદરના રૂમમાંથી બહાર આવેલ અને મને પુછેલ કે શુ થયુ? જેથી મે કહેલ કે ફાયરીંગ થયુ છે તેવામા આ બન્ને અજાણ્યા માણસો પોતાનુ મોટર સાયકલ લઇને જતા રહેલ અને આ મોટર સાયકલ કઇ કંપનીનું હોઇ તે મને ખબર નથી અને તેના નંબર મે જોયેલ નથી. અને આ બન્ને અજાણ્યા માણસોની ઉમર આશરે ૨૫-૩૦ વર્ષની અને મધ્યમ બાંધાના જણાતા હતા. ત્યાર બાદ મેનેજર જગદીશસિંહએ પેટ્રોલ પંપના માલીક જયદીપસિંહ ભગીરથસિંહ જાડેજા તથા રીબડા ગામના સત્યજીતસિંહ જાડેજા ને ફોન કરી બનાવની વાત કરતા જયદીપસિંહ અને સત્યજીતસિંહ એમ બન્ને પેટ્રોલ પંપ ખાતે આવેલા અને ઓફીસે આવી જોયેલ તો ઓફીસના કાચમા ફાયરીંગ થવાથી એક હોલ પડી ગયેલ અને ઓફીસમાં આવેલ રૂમના દરવાજા પાસે ગોળી પડેલ અને ઓફીસના બહારના ભાગે કાર્ટીસનુ એક ખાલી ખોખુ પડેલ જોવામા આવેલ ત્યારબાદ હુ તથા પેટ્રોલ પંપના મેનેજર જગદીશસિંહ તથા પેટ્રોલ પંપના માલીક જયદીપસિંહ તથા સત્યજીતસિંહ જાડેજા એમ બધા મળી અમો પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છીએ. આ બનાવમાં મને કોઇ ઇજા થયેલ નથી.

આ બનાવનું કારણ એવુ છે કે, અમે ઓફીસમા હાજર હોય તે દરમ્યાન કોઇ અજાણ્યા બે બુકાની ધારી મોરટ સાયકલ પર આવી મારી નાખવાના ઇરાદે ઓફીસ બહારથી અમારી ઉપર એક રાઉન્ડ ફાયરીંગ કરી મોટર સાયકલ લઈ જતા રહેલ હોય આ અજાણ્યા માણસો પાસે જયરાજસિંહ ટેમુ જાડેજા ગોંડલવાળાએ ફાયરીંગ કરાવ્યુ હોય તેવી મને શંકા છે તો આ અજાણ્યા માણસો તથા તપાસમા ખુલ્લે તેની સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે. બનાવ અંગે તાલુક પોલીસે તપાસ નો ધમધમાટ શરુ કર્યો છે.

### બાઇક ઉપર આવેલા બે બુકાનીધારીઓએ ફાયરીંગ કરી નાસી છુટયાઃ પૂર્વ ધારાસભ્યએ ફાયરીંગ કરાવ્યુ હોવાની શંકા, પોલીસ ફરીયાદમાં કરાઇ

### હાર્દિકસિંહ જાડેજાએ વિડીયો વાયરલ કરી જણાવ્યું કે, મેં ફાયરીંગ કર્યુ છે

રિબડામાં અનિરુદ્ધસિંહ નાં ભત્રીજા નાં પેટ્રોલ પંપ ઉપર થયેલ ફાયરીંગ ની ઘટનામાં લેવાયેલા નિવેદન માં જયરાજસિહ જાડેજા ઉપર શંકા વ્યક્ત કરાઇ છે.તો બીજી બાજુ હાર્દિકસિહ જાડેજા નામના વ્યક્તિ એ પોતાનો વિડીયો વાયરલ કરી અનિરુદ્ધસિંહ નાં પુત્ર રાજદિપસિંહ ને બેફામ ગાળો ભાંડી મેં જ ફાયરીંગ કરાવ્યા નુ કહેછે.મને છેતરીને ઘા કરી ગયા હતા તેવુ કહી પીન્ટુ ખાટડી ને પણ ગાળો આપી છે. રાજદિપસિંહ ને ઉદેશી ને વધુ માં કહ્યુ કે હું અસલી ગરાસીયો છુ.એટલે તારા ઘર પર ફાયરીંગ નથી કર્યુ મેંજ પેટ્રોલ પંપ ઉપર છોકરાઓ મોકલી ફાયરીંગ કરાવ્યાં નું જણાવેછે. ફાયરીંગ ની ઘટના માં નવો વળાંક આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## સસ્તુ સોનું આપવાની લાલચ આપી પોરબંદરની યુવતિને છેતરનાર ત્રણ શખ્સ ઝડપાયા

### રોકડ, નકલી સોનાના સિક્કા અને રિક્ષા સહિતનો રૂ.૯.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો



**મુખ્ય સમાચાર, અમરેલી**

સસ્તુ સોનુ આપવાના બહાને નકલી સોનું આપી દસ લાખની છેતરપીંડીના ધારી પોલીસ સ્ટેશનના ગુનાના કામે છેતરપીંડી કરનાર બાવરી ગેંગના ત્રણ સભ્યોને રોકડ રકમ, નકલી સોનાના સિક્કા તથા રીક્ષા સહિતનો મુદ્દામાલ મળી કુલ કિંમત રૂપિયા ૯,૫૮,૦૦૦ ના મુદ્દામાલ સાથે અમરેલી એલ.સી.બી. ટીમ પકડી પાડી ધારી પોલીસ સ્ટેશનમા સોંપી આપેલ છે આ બનાવમાં પોરબંદર જિલ્લાના માધુપુર (ઘેડ), ગામે આવેલ સાગરશાળાની બાજુમાં રહેતા વનીતાબેન કાનાભાઇ ચૌહાણને જુનાગઢ જિલ્લામાં ગામે માંગરોળ ગામે રહેતા આરોપી જાબીરભાઇ ઇકબાલભાઈ બાનવાર તથા આસીફભાઇ હૈદરભાઇ રફાઈ તથા બીજા બે અજાણ્યા માણસોએ રસ્તા ભાવે સોનુ ખરીદ કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ ગત. તા.૧૬/૬/૨૫ નાં રોજ વનીતાબેનને અમરેલીના ધારી ખાતે બોલાવી તેણી પાસેથી રૂપિયા દસ લાખ રોકડા લઈ અને સાચા સોનાના બદલે ખોટુ સોનુ આપી તેણી પાસેથી રૂપિયા * દસ લાખ રોકડા લઇ વિશ્વાસઘાત, ઠગાઈ કરી ગુનો કરેલ હોય, જે અંગે વનીતાબેનએ આરોપીઓ વિરૂધ્ધ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. વી.એમ.ફોલાદરાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ દ્વારા આ ગુનામાં સંડોવાયેલ આરોપી અંગે સઘન તપાસ ધરવામાં આવેલ હતી. આ બનાવના કરિયાદીની પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી,ગુનાના આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતાં. આ દરમ્યાન જ એલ.સી.બી. પોલીસ ઇન્સ.વી.એમ.ફોલાદરાને બાતમી મળેલ અને ટેકનીકલ સોર્સ આધારે જુનાગઢ ગામે રહેતા દીલીપ જીવનભાઈ સોલંકી, ઈશ્વર ગંગારામ વાઘેલા તથા જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામે રહેતા આસીફ ભીખુશા રફાઈ સહિત ત્રણ ઇસમોને પકડી પાડી

અને પકડાયેલ ઇસમો પાસેથી રોકડ રકમ રૂપિયા ૬,૪૦,૦૦૦, એક સોનાનો સિક્કો વજન ૧.૪૦ મીલી ગ્રામ કિંમત રૂ.૧૩,૦૦૦, સોના જેવા દેખાતા ધાતુના સિક્કા નંગ-૫૪૩ કિંમત રૂ.૨,૦૦૦, એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦, એક ઓટો રીક્ષા નં. -૧૧--૭૩૫૪ ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૯,૫૮,૦૦૦ નો મુદ્દામાલ તથા નકલી સોનાના સિક્કા તથા વાહન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. પકડાયેલ આરોપીઓ સસ્તા ભાવે સોનું લેવા બાબતે લાલચ આપતા અને નમુના તરીકે સાચા સોનાનો સિક્કો પહેલા આપી વિશ્વાસમાં લેતા હતાં. અને બાદમાં આવા ઘણા બધા સોનાના સિક્કાઓ છે. અને સસ્તા ભાવે મળશે, તેમ જણાવી અને બાદ જે લોકો સોનું લેવા માંગતા હોય, તેને મોટી રકમ સાથે અલગ જગ્યાએ બોલાવી, તેની પાસેથી પૈસા લઇ સોનાના બદલે નકલી સોના જેવા દેખાતા સિક્કાઓ આપી છેતરપીંડી કરી ગુનો કરીની ટેવવાળા છે.

## ગોંડલના ગુંદાળા ચોકડી પાસે પવન ચકકી લઈ જતા ટ્રેલર અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત

### કંડકટરને ઈજા થતા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો




**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલની ગુંદાળા ચોકડી ઓવર બ્રીજ પર પવન ચક્કી લઈ જતાં ટ્રેલર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કંડકટર નીચે પટકાતા ઇજાગ્રસ્ત થયાં હતાં જ્યારે બસમાં મોટી નુકશાની થઈ હતી.બનાવ અંગે કોડીનાર રહેતાં નવીનભાઈ કરશનભાઈ મોરી (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પવન ચક્કી ટ્રેલર નં. એનએલ-૦૧-એજે-૯૬૮૪ ના ચાલકનું નામ આપી જણાવ્યું કે ગઈ તા. ૨૧ ના રાત્રીના સમયે બસ લઈ ભુજથી કોડીનાર જવા નિકળેલ જેમાં તેમની સાથે ડ્રાઇવર નિલેશભાઈ મેઘજીભાઈ પરમાર (રહે. જામનગર) હતા. ગઈકાલે સવારના આશરે સાડા ચારેક વાગ્યે બસ ગોંડલ શહેર પાસે નેશનલ હાઈવે પર આવેલ ગુંદાળા ચોકડીએ ઓવર બ્રીજ ઉતરતા હોય ત્યારે બસની આગળ એક પવનચક્કી ટ્રેલર પવનચક્કીનુ એક પાંખ્યુ લઈ જતુ હોય અને ડાબી બાજુ રોડ ખાલી હતી. ફરીયાદી કંડકટરની શીટ ઉપર બેઠેલ હતાં. બસના ડ્રાઈવરે આ ખાલી સાઇડના ખુલ્લા રોડ ઉપર આ પવનચક્કીના ટ્રેલરને ઓવર ટેક કરવા જતા પવનચક્કી ટ્રેલરનુ રૂ.૧૫ હજારની પાછળના વ્હીલવાળો ભાગ બસ સાથે ભટકાતા તેઓ બસમાંથી નીચે પડી ગયેલ અને ડ્રાઈવરે થોડે દુર જઈ બસ ઉભી રાખી દિધેલ હતી. પવનચક્કી ટ્રેલર પણ રોડ ઉપર ઉભું રહી ગયેલ હતું. બસના ડ્રાઇવર સાઈડના આગળના ભાગથી પાછળના ભાગ સુધી રૂ.૯ નુકશાની થયેલ હતી. જે બાદ તેઓને ૧૦૮ મારફત સારવારમાં ગોંડલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગેની ફરિયાદ પરથી ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી ટ્રેલર ચાલકને પકડવા તજવીજ આદરી હતી.

## મોટાવડામાં ફ્લેટ ખરીદનાર વેપારી સાથે બિલ્ડર સહિત ૭ શખ્સોએ આચરી છેતરપિંડી

### ફ્લેટમાં રોકાણના નામે ૧૬ લાખની હોમલોન કરાવી બાંધકામ પુરુ નહીં કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખોરાણા રહેતા સેન્ટીંગનું કામ કરતા વેપારીને રાજકોટ નજીક મોટાવડામાં ફ્લેટમાં રોકાણ કરવાની લાલચ આપી ફ્લેટના નામનો દસ્તાવેજ કરી પઝેશન નહીં આપતા આ મામલે બિલ્ડર સહીત ૭ સામે મેટોડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ ખોરાણા ગામ નવા પ્લોટ ખાતે રહેતા મનોજભાઈ નાનજીભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદમાં રાજકોટ અમીન માર્ગ ઉપર રહેતા ઉમેશ મેઘજીભાઈ વાઘેલા, નીલેપ કાનજીભાઈ લુણાગરીયા, શ્રેયાંશ રામજીભાઈ ભંડેરી, બ્રીજેશ અરજણભાઈ પટેલ, અનીશ જયકાંતભાઈ મહેતા, જીજ્ઞેશ મનહરલાલ પટેલ અને હરેશશ વજુભાઈ સોજીત્રા સામે ગુનો દાખલ કરી છુટક સેન્ટીંગ કામ કરતા મનોજભાઈએ ફરિયાદમાં જણાવ્યુંકે, આશરે આઠેક વર્ષ પહેલા મકાનની દલાલી કરતા ઉમેશભાઈ મેઘજીભાઈ વાઘેલાનો સંપર્ક થયેલ ત્યારે તેઓએ અમને વાત કરેલ કે, તમારે લોધીકા તાલુકાના મોટાવડા ગામની સીમમાં ફ્લેટ લેવો હોય તો કહો ત્યાં ભવિષ્ય બહુ સારૂ છે. ત્યાં ફફ્લેટ જોવા લઈ ગયા હતાં. જયાં બાંધકામ ચાલુ હોય ત્રણ માળ સુધીનું કામ થયું હતું. તેને ફ્લેટ લેવાની વાત થઈ હોવાથી તેણે એ વિંગમાં ૩૦૧ નંબરનો ફફ્લેટ વેંચવાનો હોવાનું જણાવ્યું છે. એટલું જ નહીં દોઢ બે વર્ષમાં બિલ્ડીંગનાં લેટોનું કામ પુર્ણ થઈ જશે.

ત્યારે તમને ફ્લેટનું પઝેશન આપશે. ત્યાં સુધી આપણે લોનની પ્રોસસ કરી લઈશું. તેમ આરોપીએ વાત કરી હતી. જેથી આ ફફ્લેટ '' રૂા. ૧૬ લાખમાં ખરીદવાનું નક્કી થયું હતું. ત્યારબાદ આરોપી ઉમેશે તમારે લોનનાં સંલગ્ન ડોક્યુમેન્ટ અમારી પાસે જમા કરાવી દેજો. કહેતા તેને ડોક્યુમેન્ટ આપતા આરોપીએ રૂ. ૧૬ લાખની લોન પાસ કરાવી હતી. આરોપીએ ૨૦૧૭માં તેને લોધીકા સબ રજીસ્ટાર ઓફીસે બોલાવી દસ્તાવેજમાં સહી કરાવી હતી. જેમાં વેંચાણ કરનારમાં અન્ય છએ આરોપીઓનાં નામ હતાં. આ તમામ વતી પેઢીના વહીવટ કર્તા જિજ્ઞેશભાઈ પટેલ હોવાથી તેણે ભાગીદારો તરફથી દસ્તાવેજ કરી આપ્યો હતો. ફ્લેટનું કામ ચાલુ હોવાથી ત્રણ હપ્તા લોનનાં ભર્યા હતાં. બાદમાં તે ફ્લેટ જોવા જતાં કામ બંધ હોવાથી આરોપી ઉમેશનો સંપર્ક કરતા થયો ન હતો. તેણે કામ પૂર્ણ થયું ન હોવાથી હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. હપ્તા ચડત થતાં બેંક તરફથી નોટીસ અપાઈ હતી. આથી તેણે આરોપી ઉમેશનો સંપર્ક કરી તેણે ફ્લેટનું કામ પુરૂ કરવાની વાત કરતાં કામ જલદી પુરૂ કરીને ફ્લેટનો કબ્જો આપી દેવાના છીએ. ધીરજ રાખો તેમ વાત કરી હતી. લોનના હપ્તા ભરવા દબાણ વધવા લાગતા તેને ફરી આરોપીને સંપર્ક કરતાં યોગ્ય જવાબ આપ્યો ન હતો. બીજી તરફ જયારે ફ્લેટ લીધો હતો ત્યારે વિંગ એ.નું બીજા માળ સુધી કામ થયું હોય ત્યાર પછી તે સ્થળે સોંપતા અને બેંકનાં હપ્તા ચડતા હોવાથી ગયા ન હતા અને બેંક તરફથી પણ દોઢેક વર્ષમાં કોઈ નોટીસ મળી ન હતી. આમ આજ સુધી તેને ફ્લેટ તૈયાર કરીને નહીં ફરિયાદ નોંધાવી હતી.

## મોરબીમાં વેપારી પાસેથી રૂ.૩.૫૦ લાખનો થેલો આંચકી ફરાર થનાર શખ્સ ઝડપાયો

### ગણતરીની કલાકોમાં મોરબી એલસીબીની કાર્યવાહી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના શક્ત શનાળા વિસ્તારમાં વેપારી પાસેથી સાડા ત્રણ લાખ રૂપિયા ભરેલો થેલો તેમના ગામના જ ઈસમ દ્વારા ઝપાઝપી કરી આંચકી ચોરી કરી લઈ જવાની ઘટનાએ ચકચાર મચાવ્યો હતો. વેપારમાં રૂપિયાની જરૂર હોય જેથી મિત્ર પાસેથી હાથ ઉછીના રૂપિયા લઈને ઘરે જતા હોય તે દરમ્યાન આ ઘટના બની હતી જે મામલે સિટી એ ડિવિઝન પોલીસે વેપારીની ફરિયાદ નોંધી હતી અને આરોપીને ગણતરીની કલાકોમાં એલસીબીએ પકડી પકડી પાડી આગળની તપાસ હાથ ધરી મોરબી શહેરના શકત શનાળા ગામે - લીમડાવાળી મેલડી માતાજીના મંદિર પાછળ - શિવમ હાઈટ્સની બાજુમાં રહેતા ઘનશ્યામભાઈ થોભણભાઈ સુરાણી ઉવ.૪૭જે મોરબીના નજરબાગ રેલ્વે સ્ટેશન નજીક કેશવ કિરાણા સ્ટોર નામની દુકાન ચલાવતા વેપારી છે, તેઓએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિશાલ વેલજીભાઈ રબારી રહે. શક્ત શનાળા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈકાલ તા.૨૨/૦૭ના રોજ રાત્રીના રોજની જેમ તેમની દુકાન બંધ કરીને પોતાના ઘર તરફ શનાળા રોડથી જઈ રહ્યા હતા. ત્યારે વેપારમાં રૂપિયાની જરૂર હોવાથી તેના મિત્ર પાસે રૂપિયા માટે ફોન કર્યો હતો, જે તેમનો મિત્ર તેમને શનાળા રોડ જીઆઇડીસી ખાતે ૪ લાખ રૂપિયા આપી ગયો હતો, જે બાદ તેઓ થેલામાં રૂપિયા લઈને શક્ત શનાળા ગામે પહોંચ્યા હતા, જ્યાં બજરંગ પાન વાળાને ધંધાના બાકી રૂપિયા આપવાના હોય જેથી થેલામાંથી રૂ.૩૦ હજાર રૂપિયા આપી ૨૦ હજાર ઘનશ્યામભાઈએ પોતાના ખીસ્સામાં રાખ્યા હતા. જ્યારે રૂપિયા ૩.૫૦ લાખ થેલામાં લઈને તેઓ મોટરસાયકલ સ્ટાર્ટ કરતા હતા ત્યારે પાછળથી એકટીવા જેવા વાહન પર આવેલ વ્યક્તિએ થેલો ઝુંટવી લેવાની કોશિશ કરી હતી. ઘનશ્યામભાઈ સાથે ઝપાઝપી કરી આ ઈસમ થેલો છીનવીને ભાગી ગયો. બાદમાં ઓળખ થઈ હતી કે આ વ્યક્તિ તેમના ગામનો વિશાલ વેલજીભાઈ રબારી હતો. ૩.૫૦ લાખ ઝુટવીને નાસી જનાર આરોપી વિશાલ રબારી પોતાનું એકટીવા ત્યાં મૂકીને નાસી ગયો હતો.વેપારીની ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જે દરમિયાન એલસીબી ટીમ દ્વારા આરોપી વિશાલ રબારીને ઝડપી લેવામાં આવ્યો છે અને આરોપીને બનાવ સ્થળે લઈ જાય રિકસ્ટ્રક્સન કરાવ્યું હતું અને આરોપી પાસે જાહેરમાં માફી પણ મંગાવી હતી.

## ગોંડલના ત્રાકુડામાં ખેડુતના પડી ગયેલા પૈસા ઉઠાવી જનાર શખ્સો પકડાયા

### પોલીસ નાણા રિકવર કરી ખેડુતને પરત કર્યા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાનાં ત્રાકુડા ગામે ખેતલા આપા હોટેલ પાસે ડૈયા ગામના ખેડૂતના ૨૧ હજારની રોકડ ભરેલ ઝબલું પડી ગયું હોય જે ઉઠવી જનાર શખ્સને પોલીસ શોધી કાઢી તેની ધરપકડ કરી ખેડૂતને તેની રોકડ રકમ પરત અપાવી હતી.

આ અંગેની વિગત મુજબ ગોંડલના ડૈયા ગામે રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા વીપુલભાઈ ભાયાભાઈ ગમારા (ઉ.વ.૩૬)એ પોલીસ સ્ટેશન માં ફરિયાદ કરી જણાવ્યું કે તેઓ ગઈ કાલે ૨૧/૦૭/૨૦૨૫ ના બપોરે આશરે ચારેક વાગ્યે ત્રાકુડા ગામ પાસે આવેલ ખેતલા આપા હોટેલ ખાતે ચા પીવા ગયેલ ત્યારે તેઓના પેન્ટના ખીસ્સામાં પ્લાસ્ટીકના કાળા ઝબલામાં રહેલ રૂ.૨૧,૦૦૦ પડી ગયેલ છે.ફરીયાદનાં પગલે તાલુકા પીઆઈ.એ.ડી.પરમાર તથા ટીમ દ્વારા સીસીટીવી ફુટેજ તપાસ કરતા એક અજાણ્યો માણસ પ્લાસ્ટીકનું કાળુ ઝબલુ જે જમીન પર પડેલ હતુ તે લઈને પોતાના ખીસ્સામાં નાખી પોતાનું બાઈક લઈને ત્યાંથી જતા દેખાઈ છે.આથી આ બાઈકના નં.જીજે -૦૩-ડીસી-૧૦૨૦ હોય જેના આધારે તપાસ કરતા જેતપુરના મેવાસા ગામના અલ્પેશભાઈ ઉર્ફે યોગેશભાઈ ભનુભાઈને ડોબરીયાની ધરપકડ કરી પુછપરછ કરતા તેણે જણાવેલ કે તેઓ ગઈ કાલે ગોંડલથી મેવાસા ગામ ખાતે જતા હતા તે દરમ્યાન વરસાદ આવતો હતો, જેથી તેઓ ત્રાકુડા ગામે ખેતલા આપા હોટેલ ખાતે ઉભા રહેલ અને ત્યાં બાકડા નીચે એક પ્લાસ્ટીકનું ઝબલુ પડેલ હતું જે લઈને પોતાના ખીસ્સામાં નાખી દીધેલ અને ત્યાંથી નીકળી ગયેલ. બાદ ઘરે જઈને જોતા તે ઝબલામાં રોકડ રૂ ૨૧,૦૦૦ હતા જે ઝબલુ પોતે હાલ તેમની પાસે રહેલ મોટરસાયકલની ડેકીમાં રાખેલ હોવાનું જણાવતા તેની સામે કાર્યવાહી કરી ફરિયાદી ને પૈસા પરત કર્યા હતા.

## ગુરુદેવપાર્કમા વ્યાજખોરોના ત્રાસથી કાર લે-વેચના ધંધાર્થીનો આપઘાતનો પ્રયાસ

### ઝેરી દવા પી લેનાર યુવક પાસેથી મળેલી સ્યુસાઈડ નોટના આધારે તપાસનો ધમધમાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમા કુવાડવા રોડ પર આવેલા ગુરુદેવ પાર્કમા રહેતા અને કાર લે - વેચનો વ્યવસાય કરતા યુવાને વ્યાજખોરોનાં ત્રાસથી કંટાળી શાસ્ત્રી મેદાન પાસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. યુવાને આપઘાતનો પ્રયાસ કરતા સારવાર માટે ખસેડાયો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ પર આવેલા ગુરુદેવ પાર્કમા રહેતા અને અગાઉ કાર લે - વેચનો વ્યવસાય કરતા મૌલીક બાબુભાઈ પટોડીયા નામનો ૨૬ વર્ષનો યુવાન ગઈકાલે સંધ્યા ટાણે શાસ્ત્રી મેદાન પાસે હતો. ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિર્વીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. પ્રાથમીક પુછપરછ્મા મૌલીક પટોડીયા બે ભાઈમાં નાનો છે. અને તેને સંતાનમા એક પુત્ર છે. મૌલીક પટોડીયા અગાઉ કાર - લે વેચનો ધંધો કરતો હતો. ત્યારે ધંધામા રૂપીયાની જરુરીયાત પુરી થતા જુદા જુદા લોકો પાસેથી આશરે રૂપીયા ૨૫ લાખ વ્યાજે લીધા હતા. જે રૂપીયાની ચુકવણી કરવા છ્તા વ્યાજખોર ત્રાસ ગુજારતા હોવાની મૌલીક પટોડીયા પાસેથી સ્યુસાઇડ નોટ મળી આવી છે. જે સ્યુસાઈડ નોટમા અક્ષય નીતીનભાઈ ગોહેલ પાસેથી ૧૫ ટકા લેખે ૪.૫૦ લાખ લીધા હતા જેનાં બદલે ૮ લાખ ચુકવી આપ્યા છે . ચા ની કેબીન ચલાવતા વીપુલભાઇ પાસેથી ૧૦ ટકા લેખે ૨ લાખ લીધા હતા . અને જેનુ ૨ મહીનાનુ ૪૦ હજાર વ્યાજ ચુકવેલ છે ગોપાલભાઈ પાસેથી બે લાખ લીધા હતા વીપુલભાઇ પાસે ૧૦ ટકાનાં વ્યાજે કાર ગીરવે મુકી ૧ લાખ વ્યાજે લીધા હતા. અને તેને બે મહીનામા ૨૦ હજાર ચુકવેલ છે. પરાક્રમસિંહ વાઘેલા હસ્તક તેમનાં મિત્ર ઉદયભાઈ ચુડાસમા પાસેથી ૧૦ ટકાનાં વ્યાજે રૂપીયા એક લાખ લીધા હતા. અને જેનુ ૩૦ હજાર વ્યાજ ચુકવી દીધુ છે વિષ્ણુભાઇનાં મીત્ર પાસેથી ૧૦ ટકાનો વ્યાજે એક લાખ લીધા હતા. અને તેનાં બદલામા કાર લઈ ગયા. હતા પરંતુ કાર પરત કરી નથી . અને દેવાભાઇ બોરીચા પાસેથી ૧૦ ટકાનાં વ્યાજે એક લાખ લીધા હતા. અને સીકયુરેટી પેટે મૌલીકભાઈ પટોડીયાની પત્નીનાં નામની કારનુ વેચાણ કરાર દેવાભાઈ બોરીચાએ પોતાનાં નામે કરાવી લીધુ હતુ. ૧ લાખનુ ૧.૨૦ લાખ વ્યાજ ચુકવી દીધું હોવા છ્તા કેસ કરવાની પત્નીને ધમકી આપતા હોવાનો સ્યુસાઈડ નોટમા ઉલ્લેખ કરવામા આવ્યો છે. સ્યુસાઈડ નોટનાં આધારે એ ડીવીઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ઘરી છે.

## શાપર પાસે ટ્રકે બાઈકને ઠોકરે લેતા ગોંડલના પિતા-પુત્ર ઘવાયા, પિતાનું મોત

### પરિવારના મોભીનું મૃત્યુ નિપજતા આક્રોશઃ ચાલક સકંજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળ પાસે ટ્રકે બાઈકને હડફેટે લેતા બાઈક સવાર ગોંડલના પિતા-પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જયાં ચાલુ સારવાર દરમ્યાન પિતાએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ગોંડલના સ્ટેશન પ્લોટમાં રહેતા જેન્તીભાઈ બાબુભાઈ મોરીધરા ઉ.૫૪ ગઈકાલ સાંજે તેના પુત્ર નિતીનના બાઈક પાછળ બેસી રાજકોટથી ગોંડલ તરફ જતા હતા ત્યારે શાપર નજીક પિતૃકૃપા હોટેલ પાસે પહોંચતા ટ્રકે બાઈક સવાર પિતા-પુત્રને હડફેટે લેતા બન્ને ફંગોળાઈ ગયા હતા.ઘટનાને પગલે. લોકોના ટોળા એકઠા થયા હતા.ઈજાગ્રસ્ત પિતા-પુત્રને તાકિદે સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા જયાં ગંભીર રીતે ઘવાયેલા ૫૪ વર્ષના પ્રૌઢે ચાલુ સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી શાપર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક ગઈકાલ તેના પુત્ર સાથે રાજકોટ કારખાનામાં કામ પૂર્ણ કરી ઘરે જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. મૃતક બે બહેન અને ત્રણ ભાઈમાં મોટા હતા. સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. પરિવારના મોભીના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. હાલ પોલીસે અકસ્માત સર્જી નાશી છુટેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધી સકંજામાં લીધો હતો.